# કલાપૂર્ણ સ્વાધ્યાય

# ૧૧

## કર્મગ્રંથ સાર્થ - ૧ થી ૪

• દિવ્યાશિષ દાતા •

પ.પૂ. આધ્યાત્મયોગી આ.ભ.શ્રી

કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

• શુભાશિષ દાતા •

પ.પૂ. મધુરભાષી આ.ભ.શ્રી

કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા.

• સંપાદક •

પૂ. મુનિશ્રી અમિતયશ વિજયજી મ.સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

શ્રી પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન

કલાપૂર્ણસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૧

## કર્મગ્રંથ સાર્થ – ૧ થી ૪

**દિવ્યાશિષ દાતા**

પ.પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.

**શુભાશિષદાતા**

પ. પૂ. આ. ભ.શ્રી કલાપ્રભ સૂ. મ.સા.

**સંપાદક**

મુનિ અમિતયશ વિજયજી મ.સા.

સંપાદક : મુનિં શ્રી અમિતયશ વિ.મ. સા.
સહાયક : પૂ. મુનિ શ્રી, આગમયશ વિ.મ.

નકલ : ૧૦૦૦
કિમત : રૂા.૧૦/-

: શુભ આલંબન :
શ્રી શંખેશ્વર ગુરૂ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે

પ્રકાશક :
શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ મદ્રાસ
શ્રી કલાપૂર્ણ સૂરિ આરાધક મંડળ, વિક્રોલી

મુદ્રક :
પાર્શ્વ કોમ્પ્યુટર ગ્રાફિક
૯, અનુરાધા શોપીંગ સેન્ટર, ખાડીયા ગેટ,
અમદાવાદ. મો. ૯૮૭૯૭૫૫૧૬૪

## જ્ઞાન ભક્તિમાં લાભ લેનાર

આ પુસ્તક શ્રી અમદાવાદ મહાસુખનગર
શ્વે. મૂ. પૂ. જૈન સંઘ જ્ઞાન ખાતાની
રકમમાંથી છપાવેલ છે.

આ પુસ્તકનો ઉપયોગ
પુ. સાધુ - સાધ્વીજી મ. સા. કરી શકશે.

કોઈ મુમુક્ષુ કે સંસારી ભાઈ-બહેનને ઉપયોગ કરવો હોય તો તેની પૂરી કિંમત જ્ઞાન ખાતામાં મુકીને કરી શકશે.

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાનિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં.॥૧॥
ષટ્ ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૨॥
જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જયાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૩॥
જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરીકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દુરે થતાં. ॥૪॥
જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ॥૫॥

# પ્રથમ કર્મગ્રંથ

**સિરિવીર જિણં વંદિઅ, કમ્મવિવાગં સમાસઓ વુચ્છં ।**

**કીરઇ જિએણ હેઉહિં, જેણં તો ભન્નએ કમ્મં ॥ ૧ ॥**

શ્રી વીર જિનેશ્વરને વંદન કરીને કર્મવિપાકને સંક્ષેપમાં કહીશ. જેથી કરીને જીવથી (મિથ્યાત્વાદિ) હેતુ વડે કરાય છે. (કર્મવર્ગણાનો આત્મા જોડે સંબંધ) તેથી (તેને) કર્મ કહેવાય છે. (૧)

**પયઇ-ઠિઇ-રસપએસા, તં ચઉહા મોઅગસ્સ દિટ્ઠંતા ।**

**મૂલપગઇટ્ઠ ઉત્તર-પગઇ અડવન્નસયભેયં ॥ ૨ ॥**

તે કર્મ, પ્રકૃતિ, સ્થિતિ, રસ પ્રદેશ એમ ચાર પ્રકારે મોદકના દ્રષ્ટાંતથી જાણવું. મૂળ પ્રકૃતિ આઠ તથા ઉત્તર પ્રકૃતિ એકસો અઠાવન ભેદવાળી છે. (૨)

**ઇહ નાણદંસણાવરણ-વેઅમોહાઉ-નામગોઆણિ ।**

**વિગ્ઘં ચ પણનવદુ-વેઅમોહાઉ-નામગોઆણિ ॥ ૩ ॥**

અહીં (જૈન પ્રવચનમાં) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ ગોત્ર, અંતરાય (એમ આઠ કર્મ ક્રમશઃ) પાંચ, નવ, બે અટ્ઠાવીશ, ચાર, એકસો ત્રણ, બે, પાંચ પ્રકારે છે. (૩)

**મઇસુઅઓહીમણકેવલાણિ, નાણાણિ તત્થ મઇનાણં ।**

**વંજણવગ્ગહ ચઉહા, મણનયણવિણિંદિયચઉક્કા ॥ ૪ ॥**

**અત્થુગ્ગહ-ઇહાવાય-ધારણા કરણ-માણસેહિં છહા ।**

**ઇય અટ્ઠવીસ-ભેઅં, ચઉદસહા વીસહા વ સુયં ॥ ૫ ॥**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન (એમ જ્ઞાન પાંચ પ્રકારે) છે, તેમાં મન અને ચક્ષુ સિવાય ચાર ઈંદ્રિય આશ્રયી ચાર પ્રકારે વ્યંજનાવગ્રહ તથા અર્થા વગ્રહ, ઈહા, અપાય અને ધારણા પાંચ ઈન્દ્રિયો અને મનથી છ પ્રકારે, એમ અટ્ઠાવીસ ભેદવાળુ મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ચૌદ પ્રકારે અથવા વીસ પ્રકારે છે. (૪,૫)

**અક્ખર સન્ની સમ્મં, સાઇઅં ખલુ સપજ્જવસિઅં ચ ।**
**ગમિયં અંગપવિટ્ઠં, સત્ત વિ એએ સપડિવક્ખા ॥ ૬ ॥**

અક્ષર, સંજ્ઞી, સમ્યક્, સાદિ, સપર્યવસિત, ગમિક અને અંગપ્રવિષ્ટ, એ સાત (ભેદ) પ્રતિપક્ષ સહિત (શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ) છે. (૬)

**પજ્જયઅક્ખર-પયસંઘાયા પડિવત્તિ તહ ય અણુઓગો ।**
**પાહુડ પાહુડ-પાહુડ-વત્થુ-પુવ્વા ય સસમાસા ॥ ૭ ॥**

પર્યાય, અક્ષર, પદ, સંઘાત પ્રતિપત્તિ, અનુયોગ, પ્રાભૃત, પ્રાભૃત, વસ્તુ, પૂર્વ, સમાસ સહિત છે. (પર્યાયથી પૂર્વ સુધી દશભેદના સમાસ સહિત કુલ વીસ ભેદ થાય છે.) (૭)

**અણુગામિ વડ્ઢમાણય-પડિવાઇઇયરવિહા છહા ઓહી ।**
**રિઉમઇ-વિઉલમઇ મણ નાણં કેવલમિગવિહાણં ॥ ૮ ॥**

અનુગામી, વર્ધમાન અને પ્રતિપાતી તથા ઈતર (તેના ત્રણ પ્રતિપક્ષી) સાથે કુલ છ પ્રકારે અવધિજ્ઞાન છે. ✻

જુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે મનઃપર્યવજ્ઞાન છે અને કેવળજ્ઞાન એક પ્રકારે છે. (૮)

**એસિં જં આવરણં, પડુવ્વ ચક્ખુસ્સ તં તયાવરણં ।**
**દંસણ ચઉ પણ નિદ્દા, વિત્તિસમં દંસણાવરણં ॥ ૯ ॥**

આંખના પાટાની જેમ આ જ્ઞાનોને જે ઢાંકે છે તે તેઓનું આવરણ (મતિજ્ઞાનાવરણાદિ) કહેવાય છે. દર્શનાવરણ ચતુષ્ક તથા પાંચ નિદ્રા (એમ નવ પ્રકારે) પ્રતિહારી જેવુ દર્શનાવરણ કર્મ છે. (૯)

**ચક્ખૂ દિટ્ઠિ-અચક્ખૂ, સેસિંદિઅ-ઓહિકેવલેહિં ચ ।**
**દંસણમિહ સામન્નં, તસ્સાવરણં તયં ચઉહા ॥ ૧૦ ॥**

ચક્ષુ એટલે દ્રષ્ટિ (આંખ), અચક્ષુ એટલે સામાન્ય બાકીની ઈન્દ્રિયો અને મન તથા અવધિ અને કેવલથી દર્શન એટલે સામાન્ય બોધ (દર્શન ચાર પ્રકારે છે) તેને ઢાંકનાર તે (દર્શનાવરણ કર્મ) ચાર પ્રકારે છ. (૧૦)

**સુહપડિબોહા નિદ્દા, નિદ્દાનિદ્દા ય દુક્ખપડિબોહા ।**
**પયલા ઠિઓવવિટ્ઠસ્સ પયલપયલા ઉ ચંકમઓ ॥ ૧૧ ॥**

સુખેથી જાગી શકાય તે નિદ્રા, દુઃખેથી (મુશ્કેલીથી) જાગી શકાય તે નિદ્રા ઉભા કે બેઠેલાને જે (નિદ્રા) હોય તે પ્રચલા, ચાલતાને ઉંઘ આવે તે પ્રચલાપ્રચલા જાણવી, (તે તે નિદ્રામાં કારણભૂત કર્મ પણ તે તે નિદ્રાનું દર્શનાવરણીય કર્મ જાણવું) (૧૧)

**દિણચિંતિ અત્થકરણી, થીણદ્ધી અદ્ધચક્કિ-અદ્ધબલા ।**
**મહુલિત્તખગ્ગધારા-લિહણં વ દુહાઉ વેચણિચં ॥ ૧૨ ॥**

દિવસમાં ચિંતવેલ કામને કરનારી (નિદ્રા) તે થીણદ્ધી વાસુદેવના અર્ધ બળવાળી (પ્રથમ સંઘયણવાળા જીવને) છે. મધથી લેપાયેલ ખડ્ગની ધારને ચાટવા જેવુ બે પ્રકારે વેદનિય કર્મ છે. (૧૨)

**ઓસન્નં સુરમણુએ, સાયમસાયં તુ તિરિયનરએસુ ।**
**મજ્જં વ મોહણીઅં, દુવિહં દંસણ-ચરણમોહા ॥ ૧૩ ॥**

ઘણું કરીને દેવતા અને મનુષ્યને શાતા અને તિર્યંચ તથા નારકને આશાતા જાણવી. મદિરા જેવુ મોહનીયકર્મ દર્શન (મોહનીય) અને ચારિત્ર (મોહનીય) એમ બે પ્રકારે છે. (૧૩)

**દંસણમોહં તિવિહં, સમ્મં મીસં તહેવ મિચ્છત્તં ।**
**સુદ્ધં અદ્ધવિસુદ્ધં અવિશુદ્ધં તં હવઇ કમસો ॥ ૧૪ ॥**

દર્શન મોહનીય ત્રણ પ્રકારે છે. (૧) સમ્યકત્વ (મોહનીય) (૨) મિશ્ર (મોહનીય) (૩) મિથ્યાત્વ (મોહનીય) તે ક્રમશ શુદ્ધ, અર્ધવિશુદ્ધ, અવિશુદ્ધ (પુદ્ગલમય) છે. (૧૪)

**જિયઅજિયપુણ્ણપાવાડડસવસંવરબંધમુક્ખનિજ્જરણા ।**
**જેણં સદ્દહઇ તયં, સમ્મં ખઇગાઇ-બહુભેઅં ॥ ૧૫ ॥**

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરા, (આ નવ તત્વોની) જેનાથી શ્રદ્ધા થાય છે, તે સમ્યક્ત્વ ક્ષાયિકાદિ બહુ ભેદવાળું છે. (૧૫)

**મીસા ન રાગદોસો, જિણધમ્મે અંતમુહુજહા અન્ને ।**
**નાલિયરદીવ-મણુણો, મિચ્છં જિણધમ્મ-વિવરીયં ॥ ૧૬ ॥**

નાળિયેર દ્વીપના મનુષ્યને જેમ અન્ન પર પ્રીતિ કે અપ્રીતિ નથી તેમ મિશ્ર મોહનીય કર્મના ઉદયથી જીવને જિનધર્મ પર પ્રીતી કે અપ્રીતિ થતી નથી. મિશ્ર મોહનીયનો ઉદય અંતમૂહુર્ત સુધી છે. મિથ્યાત્વ જિનધર્મથી વિપરીત છે. (૧૬)

**સોલસ કસાય નવ નોકસાય, દુવિહં ચરિત્તમોહણિયં ।**
**અણઅપચ્ચક્ખાણા, પચ્ચક્ખાણા ય સંજલણા ॥ ૧૭ ॥**

સોળકષાય અને નવ નોકષાય એમ બે પ્રકારે ચારિત્ર મોહનીય કર્મ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીયવરણ અને સંજવલન (ચાર પ્રકારના ક્રોધ, માન માયા, લોભ રૂપ કષાયો છ. (૧૭)

**જાજીવ વરિસ-ચઉમાસ પક્ખગા નિરયતિરિય-નર-અમરા ।**
**સમ્માણુ-સવ્વવિરઇ, અહક્ખાયચરિત્ત-ઘાયકરા ॥૧૮॥**

(ક્રમશઃ) યાવજજીવ, વર્ષ, ચાર માસ, પક્ષ, (મુદત સુધી રહેનારા) તથા નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, (ગતિને આપનાર) અને સમ્યક્ત્વ, દેશવિરતી, સર્વવિરતિ, યથાખ્યાત ચારિત્રને ઘાત કરનારા છે. (૧૮)

**જલ-રેણુ-પુઢવિ-પવ્વય-રાઇસરિસો ચઉવ્વિહો કોહો ।**
**તિણિસલયા-કટ્ઠટ્ઠિય- સેલત્થંભોવમો માણો ॥૧૯॥**

પાણીમાં રેખા, રેતીમાં, પૃથ્વીમાં ફાટ તથા પર્વતમાં

ફાટ જેવો ચાર પ્રકારનો ક્રોધ છે. નેતરની સોટી, કાષ્ટના હાડકાંના અને પત્થરના થાંભલા જેવો માન છે. (૧૯)

**માયાવલેહિ-ગોમુત્તિ-મિંઢસિંગ ઘણવંસિમૂલ-સમા ।**
**લોહો હલિદખંજણ, કદમકિમિરાગસામાણો ॥૨૦॥**

વાંસની છાલ, ગૌમૂત્ર, ઘેટાનાં શીંગડા, ગાઢ વાંસના મૂળ જેવી માયા (ચાર પ્રકારે) છે. લોભ હળદર, કાજળ (મેસ), ગાડાની મળી અને કીરમજીના રંગ જેવો છે. (૨૦)

**જસ્સુદયા હોઇ જીવે, હાસ રઇ અરઇ સોગ ભય કુચ્છા ।**
**સનિમિત્તમન્નહા વા, તં ઇહ હાસાઇમોહણિયં ॥૨૧॥**

જેના ઉદયથી જીવને નિમિત્ત પામીને કે નિમિત્ત વગર હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા થાય છે તે હાસ્યાદિ મોહનીય કર્મ છે. (૨૧)

**પુરિસિત્થિતદુભયં પઇ, અહિલાસો જવ્વસા હવઇ સો ઉ ।**
**થી-નર-નપુ-વેઉદઓ, ફુંફુંમ-તણ-નગર-દાહસમો ॥૨૨॥**

પુરૂષ અને સ્ત્રી તથા ઉભય (બંને) પ્રત્યે જેના કારણે અભિલાપા થાય છે તે સ્ત્રી, પુરૂપ અને નપુંસક વેદનો ઉદય ફૂંફૂંમ, (બકરીની લીંડી) તૃણનો અગ્નિ અને નગરના દાહ સમાન છે. (૨૨)

**સુર-નર-તિર-નિરયાઊ, હડિસરિસં નામકમ્મં ચિત્તિસમં ।**
**બાયાલ-તિનવઇવિહં, તિઉત્તરસયં ચ સત્તટ્ઠિ ॥૨૩॥**

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકાયુષ્ય બેડી જેવુ છે.

નામ કર્મ ચેતારા જેવુ છે. (અને તે) બેંતાલીસ, ત્રાણું અને એકસો ત્રણ તથા સડસઠ પ્રકારે છે. (૨૩)

**ગઇ-જાઇ તણુ ઉવંગા, બંધણ-સંઘાયણાણિ સંઘયણા ।**
**સંઠાણ વન્નગંધરસ-ફાસ-અણુપુવ્વિ વિહગ-ગઇ ॥૨૪॥**
**પિંડ પયડિત્તિ ચઉદસ, પરઘા-ઉસ્સાસ-આયવુજ્જોઅં ।**
**અગુરુલહુ-તિત્થ-નિમિણો-વઘાયમિય અટ્ઠ પત્તેઆ ॥૨૫॥**

ગતિ, જાતિ, શરીર, અંગો પાંગ, બંધન સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતી, (નામકર્મ બધે લગાડવુ) એમ પિંડ પ્રકૃતિ ચૌદ છે તથા પરાઘાત, શ્વાસોશ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ, ઉપઘાત એમ આઠ નામકર્મની પ્રત્યેક (પ્રકૃતિઓ) જાણવી. (૨૪, ૨૫)

**તસ-બાયર-પજ્જત્તં, પત્તેય-થિરં સુભં ચ સુભગં ચ ।**
**સુસ્સરાઇજ્જજસં, તસ-દસગં થાવરદસં તુ ઇમં ॥૨૬॥**

ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ, એ ત્રસ દશક છે અને સ્થાવર દશક આ (નીચે) પ્રમાણે છે. (૨૬)

**થાવર-સુહુમ-અપજ્જં, સાહારણ-અથિર-અસુભ-દુભગાણિ ।**
**દુસ્સરડણાઇજ્જડજસ-મિઅ નામે સેઅરા વીસં ॥૨૭॥**

સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુ:સ્વર, અનાદેય, અપયશ, (બધાને નામ કર્મ પાછળ લગાડવુ) આમ નામ કર્મની

સપ્રતિપક્ષ પ્રકૃતિઓ (ત્રસની સ્થાવર પ્રતિપક્ષ છે તે રીતે) વીશ છે. (૨૭)

**તસચઉ થિરછક્કં સુહુમતિગ થાવરચઉક્કં ।**
**સુભગ તિગાઇ વિભાસા, તયાઇ સંખાહિ પયડીહિં ॥૨૮॥**

ત્રસચતુષ્ક, સ્થિર ષટ્ક, અસ્થિર ષટ્ક, સૂક્ષ્મ ત્રિક, સ્થાવર ચતુષ્ક, સુભગ ત્રિક વગેરેની વિભાષા તે તે પ્રકૃતિને આદિ કરીને તેટલી સંખ્યાઓ વાળી પ્રકૃતિઓ વડે કરવી. (૨૮)

**વન્નચઉ-અગુરુ-લહુ ચઉ, તસાઇ-દુ-ચઉર-છક્કમિચ્ચાઇ ।**
**ઇઅઅન્નાવિ વિભાસા, તયાઇસંખાહિ પયડીહિં ॥૨૯॥**

વર્ણચતુષ્ક, અગુરુલઘુ ચતુષ્ક, ત્રસાદિ દ્વિક, ત્રિક, ચતુષ્ક, ષટ્ક આની બીજી પ્રરૂપણાઓ પણ તે તે પ્રકૃતિને આદિ કરીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે કરવી. (આ ગાથા કર્મ ગ્રંથની ટીકામાં નથી પરંતુ બાલાવબોધ વગેરેમાં છે.) (૨૯)

**ગઇઆઇણ ઉ કમસો. ચઉપણ-પણતિપણ-પંચછછક્કં ।**
**પણદુગ-પણટ્ઠચઉદુગ, ઇઅ ઉત્તરભેય પણસટ્ઠી ॥૩૦॥**

ગતિ (નામકર્મ) આદિના ક્રમશઃ ચાર, પાંચ, પાંચ, ત્રણ, પાંચ, પાંચ, છ, છ, પાંચ, બે, પાંચ, આઠ, ચાર, બે એમ ઉત્તરભેદ પાંસઠ છે. (૩૦)

**અડવીસજુઆ તિનવઇ, સંતે વા પનરબંધણે તિસયં ।**
**બંધણસંઘાયગહો, તણુસુ સામન્ન-વણ્ણચઉ ॥૩૧॥**
**ઇઅ સત્તટ્ઠિ બંધોદએ ય ન ય સમ્મ-મીસયા બંધે ।**
**બંધુદએ સત્તાએ, વીસ-દુવીસટ્ઠવણ્ણસયં ॥૩૨॥**

(આમાં) અઠ્ઠાવીસ સાથે (૯૩) ત્રાણું થાય, તથા પંદર બંધન ગણવાથી એકસો ત્રણ થાય, બંધન, સંઘાતન ને શરીરમાં ગણી લઈએ અને સામાન્યથી વર્ણાદિ ચાર લઈ એમ સડસઠ પ્રકૃતિ બંધ તથા ઉદયમા (ઉદીરણામાં પણ) જાણવી. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધમાં ન જ હોય તેથી બંધ ઉદય અને સત્તામાં(ક્રમશઃ) એકસોવીશ, એકસો બાવીસ, તથા એકસોઅઠ્ઠાવીસ હોય છે. (૩૧, ૩૨)

**નિરયતિર-નરસુરગઇ, ઇગબિઅતિઅ-ચઉપણિંદિ જાઇઓ ।**
**ઓરાલવિઉવ્વાહારગ તેઅકમ્મ પણસરીરા ॥૩૩॥**

નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિ, એકેન્દ્રિય-બેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-તેઇન્દ્રિય, પંચેન્દ્રિય જાતિ, ઓદારિક-વૈક્રિય-આહારક-તૈજસ. કાર્મણ (પાંચ શરીરો પેટા ભેદો છે. (૩૩)

**બાહૂરુ પિટ્ઠિ સિર ઉર, ઉયરંગ ઉવંગ અંગુલીપમુહા ।**
**સેસા અંગોવંગા, પઢમતણુતિગસ્સુવંગાણિ ॥૩૪॥**

બે હાથ, બે સાથળ, પીઠ, માથું, છાતી અને પેટ એ આઠ અંગ છે. તથા અંગુલી વગેરે ઉપાંગ છે. બાકીના અંગોપાંગ છે. પ્રથમ ત્રણ શરીરના આ ઉપાંગો (અંગ, ઉપાંગ, અંગોપાંગ) હોય છે. (૩૪)

**ઉરલાઇ-પુગ્ગલાણં, નિબદ્ધ-બજ્ઝંતયાણ સંબંધ ।**
**જં કુણઇ જઉસમં તં, બંધણ-મુરલાઇતણુનામા ॥૩૫॥**

પૂર્વબદ્ધ અને નવા બંધાતા ઔદારિક આદિ

પુદગલોનો જે સંબંધ કરે છે તે લાખ જેવુ ઔદારિકાદિ શરીરના નામ વાળુ બંધન નામકર્મ છે. (૩૫)

**જં સંઘાયઇ ઉરલાઇ-પુગ્ગલે તિ (ત)ણગણં વ દંતાલી ।**
**તં સંઘાયં બંધણ-મિવ, તણુનામેણ પંચવિહં ॥૩૬॥**

દંતાલી (દાતરડું) તૃણના સમુહને (એકઠું કરે છે) તેમ ઔદારિકાદિ પુદગલોને જે એકઠા કરે છે તે સંઘાતન નામ કર્મ બંધન નામકર્મની જેમ શરીરના નામથી પાંચ પ્રકારનું છે. (૩૬)

**ઓરાલવિઉવ્વાહારયાણ-સગ-તે અ-કમ્મજુત્તાણં ।**
**નવ બંધણાણિ ઇયર દુ, સહિયાણં તિન્નિ તેસિં ચ ॥૩૭॥**

ઔદારિક-વૈક્રિય અને આહારક, પોતાની તૈજસ અને કાર્મણની સાથે જોડતા નવ બંધનો થાય છે. તથા બીજા બે સહિત ત્રણ (ઉક્ત ત્રણને તૈજસ, કાર્મણ એમ બે જોડવા દ્વારા ત્રણ) તેવી જ રીતે બે ઇતરના (પોતાના નામ સાથે તથા બીજા સાથે જોડતા) ત્રણ બંધનો થાય છે. (૩૭)

**સંઘયણમટ્ઠિનિચઓ, તં છદ્ધા વજ્જરિસહનારાયં ।**
**તહ રિસહનારાયં, નારાયં અદ્ધનારાયં ॥૩૮॥**
**કીલિયે છેવટ્ઠં ઇહ, રિસહો પટ્ટો અ કીલિઆ વજ્જ ।**
**ઉભઓ મક્કડબંધો, નારાયં ઇમમુરાલંગે ॥૩૯॥**

સંઘયણ એટલે હાડકાની રચના વિશેષ તે છ પ્રકારે છે. વજ્ર-ઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ઠું, અહીં ઋષભ એટલે પાટો, વજ્ર એટલે ખીલી

અને નારાચ એટલે બે બાજુ મરકટબંધ આ (સંઘયળ) ઔદારિક શરીરમાં હોય છે. (સંઘયણની પ્રાપ્તિમાં કારણભૂત સંઘયણ નામકર્મ પણ છ પ્રકાર છે.) (૩૮,૩૯)

**સમચઉરંસં નિગ્ગાહ, સાઇ ખુજ્જાઇ વામણં હુંડં ।**
**સંઠાણા વણ્ણા કિણ્હ, નીલ-લોહિઅહલિદ્દ-સિઆ ॥૪૦॥**

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન, હુંડક, એમ સંસ્થાનો છે. કૃષ્ણ, નીલ લોહિત, પીત અને શ્વેત એ વર્ણો છે. (૪૦)

**સુરભિદુરહી રસા પણ, તિત્ત-કડુ-કસાય-અંબિલા-મહુરા ।**
**ફાસા ગુરુલહુ-મિઉખર-સીઉણ્હ-સિણિદ્ધરુક્ખટ્ઠા ॥૪૧॥**

સુરભિ-દુરભિ (બે પ્રકારના ગંધ છે) રસ પાંચ છે, તિક્ત કટુ, કષાય, આમ્લ અને મધુર સ્પર્શ આઠ છે. ગુરુ-લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ. (૪૧)

**નીલ કસિણં દુગંધં, તિત્તં કડુઅં ગુરું ખરં રુક્ખં ।**
**સીઅં ચ અસુહનવગં, ઇક્કારસગં સુભં સેસં ॥૪૨॥**

નીલ, કૃષ્ણ, દુર્ગંધ, તિક્ત, કટુ, ગુરુ, કર્કશ, રુક્ષ અને શીત નવ અશુભ છે. (પાપ પ્રકૃતિ છે.) બાકીના અગિયાર શુભ છે. (૪૨)

**ચઉહગઇવ્વ-ણપુવ્વી, ગઇપુવ્વિદુગં તિગં નિયાઉજુઅં ।**
**પુવ્વીઉદઓ વક્કે, સુહઅસુહવસુટ્ટવિહગગઇ ॥૪૩॥**

ગતિની જેમ આનુપૂર્વી ચાર પ્રકારે છ. ગતિ આનુપૂર્વી દ્વિક, સ્વઆયુષ્ય સાથે ત્રિક છે. આનુપૂર્વીનો ઉદય

વક્રગતિમાં છે. વૃષભ અને ઊંટના જેવી શુભ અને અશુભ વિહાયોગતિ છે. (૪૩)

**પરઘા-ઉદયા પાણી, પરેસિં બલિણંપિ હોઇ દુદ્ધરિસો ।**
**ઊસસણ-લદ્ધિજુત્તો, હવેઇ ઊસાસનામ-વસા ॥૪૪॥**

પરાઘાતના (નામકર્મના) ઉદયથી બીજા બળવાનને પણ અનભિભવનીય (અપરાજિત) બને છે. ઉચ્છ્વાસ નામકર્મના ઉદયથી શ્વાસો શ્વાસ લબ્ધિયુક્ત થાય છે. (૪૪)

**રવિબિંબે ઉ જિઅંગં, તાવજુઅં આયવાઉ ન ઉ જલણે ।**
**જમુસિણફાસસ્સ તહિં, લોહિઅવણ્ણસ્સ ઉદઉત્તિ ॥૪૫॥**

જીવનું શરીર તાપયુક્ત આતપ નામકર્મથી થાય છે. સૂર્યના બિંબમાં (રહેલા જીવોમાં) આતપ નામકર્મનો ઉદય છે, અગ્નિમાં નહિ, કેમ કે ત્યાં (અગ્નિમાં) ઉષ્ણ સ્પર્શ નામકર્મ તથા લોહિતવર્ણ નામકર્મનો ઉદય છે. (૪૫)

**અણુસિણપયાલરૂવં, જિઅંગમુજ્જોઅએ ઇહુજ્જોઆ ।**
**જઇ-દેવુત્તરવિક્કિઅ, જોઇસ,-ખજ્જોઅમાઇવ્વ ॥૪૬॥**

ઉદ્યોત નામકર્મના ઉદયથી જીવનું શરીર અનિષ્ણ પ્રકાશને બહાર ફેલાવે છે (અને સ્વરૂપે ચમકે છે.) જેમ યતિ અને દેવ વડે કરાયેલુ ઉત્તરવૈક્રિય શરીર, જ્યોતિષના વિમાન અને ખજુઆ વગેરે. (૪૬)

**અંગં ન ગુરુ ન લહુઅં, જાયઇ દીવસ્સ અગુરુલહુઉદયા ।**
**તિત્થેણ તિહુઅણસ્સવિ, પૂજ્જો સે ઉદઓ કેવલિણો ॥૪૭॥**

અગુરુલઘુ કર્મના ઉદયથી જીવનું શરીર ગુરુ પણ નહિ લઘુ પણ નહિ તેવું થાય છે. તીર્થંકર નામકર્મથી ત્રણ લોકને પૂજ્ય બને છે. તે ઉદય કેવળજ્ઞાનીને હોય છે. (૪૭)

**અંગોવંગ-નિઅમણં, નિમ્માણં કુણઇ સુત્તહારસમં ।**
**ઉવઘાયા ઉવહમ્મઇ, સતણુવયવ-લંબગાઇહીં ॥૪૮॥**

નિર્માણ નામકર્મ અંગોપાંગનું નિયમન કરે છે.તે સુથારના જેવું છે. ઉપઘાત નામકર્મના ઉદયથી પોતાના શરીરના અવયવ પ્રતિજિહ્વાદિથી પોતે હણાય છે. (૪૮)

**બિતિચઉપણિંદિઅતસા, બાયરઓ બાયરા જિઆ થૂલા ।**
**નિઅનિઅપજ્જત્તિજુઆ, પજ્જત્તા લદ્ધિ-કરણહિં ॥૪૯॥**

જીવો ત્રસ નામકર્મના ઉદયથી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય થાય છે. બાદર નામકર્મના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે. પર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવો પોતપોતાને યોગ્ય પર્યાપ્તિવાળા થાય છે. પર્યાપ્તા જીવો લબ્ધિ અને કરણથી (બે પ્રકારના) છે. (૪૯)

**પત્તેઅતૂણ પત્તે-ઉદએણં દંત અટ્ઠિમાઇ થિરં ।**
**નાભુવરિ સિરાઇ સુહં, સુભગાઓ સવ્વજણઇટ્ઠો ॥૫૦॥**

પ્રત્યેક નામકર્મના ઉદયથી પ્રત્યેક પૃથક્-પૃથક્ શરીર થાય છે. (સ્થિર નામકર્મના ઉદયથી) દાંત-હાડકાં વગેરે સ્થિર થાય છે. શુભ નામકર્મના ઉદયથી નાભિની ઉપરના શરીરાદી શુભ અવયવો થાય છે. સુભગના ઉદયથી સર્વ જનને પ્રિય બને છે. (૫૦)

**સુસરા મહુરસુહઝુણી, આઇજ્જા સવ્વલોઅગિજ્ઝવઓ ।**
**જસઓ જસ-કિત્તીઓ, થાવરદસગં વિવજ્જત્થં ॥૫૧॥**

સુસ્વર (નામકર્મના ઉદય) થી મધુર અને સુખકર સ્વર થાય છે. આદેય નામકર્મના ઉદયથી સર્વલોકને ગ્રાહ્ય વચનોવાળો થાય છે. યશ નામકર્મના ઉદયથી યશઃ કીર્તિ થાય છે. સ્થાવર દશક વિપરિત અર્થવાળું (જાણવું) (૫૧)

**ગોઅં દુહુચ્ચનીઅં, કુલાલ ઇવ સુઘડભુંભલાઇઅં ।**
**વિગ્ઘં દાણે લાભે, ભોગુવભોગેસુ વીરિએ અ ॥૫૨॥**

કુંભાર સારા ઘડા તથા ભુંભલાદિ (દારુ ભરવાના ઘડા) બનાવે છે તેમ ગોત્ર કર્મ ઉચ્ચ અને નીચ બે પ્રકારે છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યને વિષે અંતરાય કર્મ અંતરાય કરનારું છે. (૫૨)

**સિરિહરિઅ-સમં એઅં, જહ પડિકુલેણ તેણ રચાઇ ।**
**ન કુણઇ દાણાઇઅં, એવં વિગ્ઘેણ જીવો વિ ॥૫૩॥**

એભંડારી જેવુ છે, જેમ તે વિરુદ્ધ હોય છે ત્યારે રાજાદિ દાનાદિ કરી શકતા નથી તેવી રીતે અંતરાય કર્મથી જીવ પણ (દાનાદિ કરી શક્તો નથી.) (૫૩)

**પડિણીઅત્તણ-નિન્હવ, ઉવઘાચ-પઓસ-અંતરાએણં ।**
**અચ્ચાસાયણયાએ, આવરણદુગં જિઓ જયઇ ॥૫૪॥**

(પાનાદિ પ્રત્યે) પ્રત્યકનીક પણું-નિહ્નવ-ઉપઘાત-પ્રદ્વેષ અને અંતરાય થી તથા અત્યંત આશાતનાથી જીવ બે

પ્રકારના આવરણ બાંધે છે. (૫૪)

**ગુરુભત્તિખંતિ-કરુણા, વય-જોગ-કસાય વિજય-દાણજુઓ ।**
**દઢધમ્માઇ અજ્જઇ, સાયમસાયં વિવજ્જયઓ ॥૫૫॥**

ગુરુભક્તિ-ક્ષમા-કરુણા-વ્રત-યોગ-કષાય વિજય અને દાનથી યુક્ત તથા દ્રઢધર્મી વગેરે સાતાવેદનીય કર્મને બાંધે છે. તેથી વિપરિત અસાતા બાંધે છે. (૫૫)

**ઉમ્મગ્ગદેસણા-મગ્ગનાસણા-દેવદવ્વહરણેહિં ।**
**દંસણમોહં જિણમુણિ-ચેઇઅ-સંઘાઇ-પડિણીઓ ॥૫૬॥**

ઉન્માર્ગે દેશના-માર્ગનો નાશ-દેવદ્રવ્યના હરણથી જીવ-દર્શન મોહનીય કર્મ બાંધે છે. તથા જિન-મૂર્તિ ચૈત્ય સંઘાદિનો પ્રત્યનીક દર્શક મોહનીય કર્મને બાંધે છે. (૫૬)

**દુવિહંપિ ચરણમોહં, કસાયહાસાઇ-વિસય-વિવસમણો ।**
**બંધઇ નિરયાઉ મહા-રંભપરિગ્ગહ-રઓ રુદ્દો ॥૫૭॥**

કષાય-હાસ્યાદિ તથા વિષયને પરવશ બનેલો જીવ બે પ્રકારનું ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે. મહારંભ પરિગ્રહમાં રક્ત રૌદ્ર પરિણામી નરકનું આયુષ્ય બાંધે છે. (૫૭)

**તિરિઆઉ ગૂઢહિઅઓ, સઢો સસલ્લો તહા મણુસ્સાઊ ।**
**પયઇઇ તણુકસાઓ, દાણરુઇ મજ્ઝિમગુણો અ ॥૫૮॥**

ગૂઢ હદંય વાળો, શઠ, શલ્યવાલો જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે તથા પ્રકૃતિથી અલ્પકષાયવાળો-દાનરૂચિ અને મધ્યમ ગુણવાલો આત્મા મનુષ્ય આયુષ્ય બાંધે છે. (૫૮)

**અવિરયમાઇ સુરાઉં, બાલતવોડકામનિજ્જરો જયઇ ।**
**સરલો અગારવિલ્લો, સુહનામં અન્નહા અસુહં ॥૫૯॥**

અવિરત (સમ્યગ્દ્રષ્ટિ) આદિ બાળતપને કરનારો, અકામ નિર્જરાવાળો જીવ દેવ આયુષ્ય બાંધે છે. સરળ તથા રસાદિ ગારવ વગરનો શુભ નામકર્મ બાંધે છે. તેથી વિપરિત સ્વભાવવાલો અશુભ નામકર્મ બાંધે છે. (૫૯)

**ગુણપેહી મયરહિઓ, અજ્ઝયણ-જ્ઝાવણારુઇ નિચ્ચં ।**
**પકુણઇ જિણાઇભત્તો, ઉચ્ચં નીઅં ઇઅરહા ઉ ॥૬૦॥**

ગુણને જોનારો-મદરહિત-હંમેશ અધ્યયન અધ્યાપનની રુચિવાળો તથા જિન આદિનો ભક્ત ઉચ્ચ ગોત્ર બાંધે છ. તેથી વિપરિત સ્વભાવવાળો નીચ ગોત્ર બાંધે છે. (૬૦)

**જિણપૂઆ-વિગ્ઘકરો, હિંસાઇ-પરાયણો જયઇ વિગ્ઘં ।**
**ઇઅ કમ્મવિવાગોડયં, લિહિઓ દેવિંદસૂરીહિં ॥૬૧॥**

જિનપૂજામાં વિઘ્ન કરનારો, હિંસાદિમાં પરાયણ અંતરાય કર્મ બાંધે છ. આ પ્રમાણે આ કર્મવિપાક દેવેન્દ્રસૂરિ વડે લખાયો છે. (રચાયો છે.) (૬૧)

# બીજો કર્મગ્રંથ

**તહ થુણિમો વીરજિણં, જહ ગુણઠાણેસુ સયલકમ્માઇં ।**
**બંધુદઓદીરણયા-સત્તાપત્તાણિ ખવિઆણિ ॥૧॥**

બંધ-ઉદય-ઉદીરણા-સત્તામાં પ્રાપ્ત થયેલ સકલ કર્મોનો ગુણસ્થાનકને વિષે જેમ (ભગવાન) ક્ષય કર્યો તે રીતે (તે બતાવવા પૂર્વક) શ્રી વીરજિનેશ્વર ભગવંતની સ્તુતિ કરીએ છીએ. (૧)

**મિચ્છે સાસણ મીસે, અવિરય દેસે પમત્ત અપમત્તે ।**
**નિઅટ્ટિ અનિઅટ્ટિ, સુહુમુવસમ ખીણસજોગિઅજોગિણા ॥૨॥**

મિથ્યાત્વ, સાસ્વાદ, મિશ્ર, અવિરત, દેશ (વિરત) પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિ, અનિવૃત્તિ, સૂક્ષ્મ (સંપરાય), ઉપશમ, ક્ષીણ, સયોગી, અયોગી ૧૪ ગુણસ્થાનક છે. (૨)

**અભિનવકમ્મગહણં, બંધો ઓહેણે તત્થ વીસસયં ।**
**તિત્થયરાહારગદુગ-વજ્જં મિચ્છંમિ સતરસયં ॥૩॥**

નવા કર્મને ગ્રહણ કરવા તે બંધ ઓધે તેમાં (બંધમાં) એકસોવીસ, તથા તીર્થંકર, આહારક દ્વિક વિના મિથ્યાત્વે એકસો સત્તર છે. (૩)

**નરયતિગ જાઇથાવર-ચઉ હુંડાથાવર-છિવટ્ઠ-નપુ મિચ્છં ।**
**સોલંતો ઇગહિઅસય, સાસણિ તિરિથીણદુહગતિગં ॥૪॥**

નરક ૩,જાતિ ૪, સ્થાવર, હુંડક, આતપ, છેવટ્ઠું,

ન.પું. વેદ, મિથ્યાત્વ, સોળનો અંત થતા સાસ્વાદને એકસો એક છે. તિર્યંચ ૩, થિણદ્ધી, દુર્ભગ ૩. (૪)

**અણમજ્ઝાગિઇસંઘયણ-ચઉનિઉજ્જોઅ-કુખઇત્થિત્તિ ।**
**પણવીસંતો મીસે, દુસયરિ દુઆઉઅ-અબંધા ॥૫॥**

અનંતા. ૪, અધ્યસંસ્થાન ૪, મધ્યમ સંઘયણ ૪, નીચ ગોત્ર, ઉદ્યોત, કુખગતિ, સ્ત્રીવેદ એ પચ્ચીસનો અંત થતાં એને બે આયુષ્યનો અબંધ થતા મિશ્રે ચુમોતર (બંધાય છે.) (૫)

**સમ્મે સગસયરિ જિણાઉ બંધિ વઇરનરતિઅબિકસાયા ।**
**ઉરલદુગંતો દેસે, સત્તટ્ઠી તિઅકસાયંતો ॥૬॥**

સમ્યક્ત્વે (૪ થા ગુણસ્થાનકે) જિન અને ૨ આયુષ્ય બંધાતા સત્તોતેર તથા વજ્રઋષભનારાચસંઘયણ, મનુષ્યત્રિક, દ્વિતીયકષાય ૪, ઓદા. ૨ નો અંત થતાં દેશવિરતિમાં સડસઠ અહીં ત્રીજા કષાયનો થાય. (૬)

**તેવટ્ઠ પમત્તે સોગ, અરઇ અથિરદુગ અજસ અસ્સાયં ।**
**વુચ્છિજ્જ છચ્ચ સત્ત વ, નેઇ સુરાઉં જયા નિટ્ઠં ॥૭॥**

પ્રમત્તગુણસ્થાનકે ૬૩, શોક, અરતિ, અસ્થિર ૨, અપયશ, અસાતા ૬ કે દેવાયુષ્ય બંધાઈ ગયુ હોય તો ૭ વિચ્છેદ થતા. (૭)

**ગુણસટ્ઠિ અપમત્તે, સુરાઉ બંધંતુ જઇ ઇહાગચ્છે ।**

**અન્નહ અટ્ઠાવન્ના, જં આહારગદુગં બંધે ॥૮॥**

અપ્રમત્તે ઓગણસાઠ (બંધાય) જો દેવાયુ બાંધતા અહી આવે તો અન્યથા અટ્ઠાવન કેમકે આહારકદ્વિક અહીં બંધમાં આવે છે. (૮)

**અડવન્ન અપુવ્વાઇંમિ, નિદ્દદુગંતો છપન્ન પણ ભાગે ।**
**સુરદુગ-પણિંદિ-સુખગઇ,-તસનવ ઉરલવિણુ તણુવંગા ॥૯॥**
**સમચઉરનિમિણજિણવન્ન-અગુરુલહુચઉછલંસિતીસંતો ।**
**ચરમે છવીસબંધો, હાસ-રઇ-કુચ્છ-ભય-ભેઓ ॥૧૦॥**

અપૂર્વકરણના પ્રથમભાગે અટ્ઠાવન, નિદ્રા ૨ નો અંત થતાં પાંચ ભાગમાં (બીજાથી છટ્ઠા સુધી) છપ્પન, (છટ્ઠા ભાગના અન્તે) સુરદ્વિક, પંચે. જાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક, ઔદારિક વિના શરીર અંગો પાંગ (૬), સમચતુરસ્રસંસ્થાન, નિર્માણ, જિન, વર્ણાદિ ૪, અગુરૂલઘુ ૪, છટ્ઠા ભાગના અન્તે આ ત્રીસનો અન્ત થતાં છેલ્લા ભાગે છવ્વીસનો બંધ તેમાં હાસ્ય-રતિ-જુગુપ્સા-ભયદુર થતા. (૯, ૧૦)

**અનિઅટ્ટિ-ભાગપણગે, ઇગેગહીણો, દુવીસવિહબંધઓ ।**
**પુમ સંજલણ-ચઉણ્હં, કમેણ છેઓ સતર સુહુમે ॥૧૧।**

બાવીસનો બંધ, અનિવૃત્તિના પાંચ ભાગમાં પુરુષ વેદ અને સંજવલન ચતુષ્ક ક્રમેણ વિચ્છેદ પામતાં સૂક્ષ્મ

સંપરાયે સત્તર બંધાય છે. (૧૧)

**ચઉદંસણુચ્ચજસનાણ, વિગ્ઘદસગંતિ સોલસુચ્છેઓ ।**
**તિસુ સાયબંધ છેઓ, સજોગિ બંધંતુડણંતો અ ॥૧૨॥**

ચાર દર્શનાવરણ, ઉચ્ચ ગોત્ર, યશ, જ્ઞાનાવરણ ૫, અંતરાય ૫, આમ સોળનો વિચ્છેદ થતાં ત્રણ ગુણસ્થાનકે (૧૧-૧૨-૧૩ મે) સાતાનો બંધ, સયોગીમાં તેનો પણ વિચ્છેદ થાય છે. આમ બંધનો અંત તથા અનંત (અંત નહિ તે) છે. (૧૨)

**ઉદઓ વિવાગવેઅણ-મુદીરણમપત્તિ ઇહ દુવીસસયં ।**
**સતરસયંમિચ્છે મીસ, -સમ્મ-આહાર-જિણણુદયા ॥૧૩॥**

ઉદય એટલે વિપાકને અનુભવવો. અપ્રાપ્તકાલ કર્મોને ભોગવવા તે ઉદીરણા (બંનેમા) ઓધે એકસો બાવીસ પ્રકૃતિ છે, મિથ્યાત્વે સમ્યકત્વ, મિશ્ર, આહારક, ૨, જિનના અનુદયના કારણે એકસો સત્તર છ. (૧૩)

**સુહુમતિગાયવ મિચ્છં, મિચ્છંતં સાસણે ઇગારસયં ।**
**નિરયાણુપુવ્વિ-ણુદયા, અણથાવર-ઇગવિગલઅંતો ॥૧૪॥**

સૂક્ષ્મત્રિક, અ તપ, મિથ્યાત્વનો અંત થતાં તથા નરકાનુપૂર્વીના અનુદયના કારણે સાસ્વાદને એકસો અગ્યાર છે. અનંતાનુ. ૪, સ્થાવર એકેન્દ્રિય, વિકલેન્દ્રિયનો અન્ત થાય છે. (૧૪)

**મીસે સયમણુપુવ્વી-ડણુદયા મીસોદએણ મીસંતો ।**

**ચઉસયમજએ સમ્મા-ડણુપુવ્વિખેવા બિઅકસાયા ॥૧૫॥**
**મણુતિરિણુપુવ્વિ વિઉવટ્ઠ દુહગઅણાઇજ્જદુગસતરછેઓ ।**
**સગસીઇ દેસિ તિરિગઇ-આઉ નિઉજ્જોઅતિકસાયા ॥૧૬॥**

મિશ્રે આનુપૂર્વી ત્રણના અનુદયના કારણે તથા મિશ્રના ઉદયથી સો. મિશ્રનો અંત અને સમ્યકત્વ તથા આનુપૂર્વી ૪ ઉમેરવાથી અવિરતએ એકસો ચાર. બીજા કષાય ૪, મનુષ્ય તિર્યચાનુપુર્વી, વૈક્રીય અષ્ટક, દુર્ભગ અનાદેય ૨, સત્તરનો વિચ્છેદ થતાં દેશવિરતિ ગુણસ્થાનકે સત્યાશી. તિર્યચ-ગતિચાયુષ્ય, નીચ, ઉધોત, ત્રીજા કષાય-૪ (૧૫,૧૬)

**અટ્ઠચ્છેઓ ઇગસી, પમત્તિ આહારજુઅલ-પક્ખેવા ।**
**થીણતિગાહારગદુગ-છેઓ છસ્સયરિ અપમત્તે ॥૧૭॥**

આઠનો વિચ્છેદ થતાં તથા આહારક-દ્વિક ઉમેરતાં પ્રત્તે એક્યાશી. થિણદ્વિત્રિક તથા આહારકદ્વિકનો વિચ્છેદ જતાં અપ્રમત્તે છોંતેર (૧૭)

**સમ્મત્તંતિમસંઘયણ-તિઅગચ્છેઓ બિસત્તરિ અપુવ્વે ।**
**હાસાઇછક્ક-અંતો, છસટ્ઠિ અનિઅટ્ઠિ વેઅતિગં ॥૧૮॥**

સમ્યકત્વ તથા અંતિમ ત્રણ સંઘયણનો વિચ્છેદ જતાં અપૂર્વ કરણે બોંતેર. હાસ્યાદિ ૬ ના અંતથી અનિવૃત્તિએ છાસઠ વેદત્રિક (૧૮)

**સંજલણતિગં છચ્છેઓ, સટ્ઠિ સુહુમંમિ તુરિઅલોભંતો ।**

**ઉવસંતગુણે ગુણસટ્ઠિ, રિસહનારાયદુગઅંતો ॥૧૯॥**

સંજવલન ત્રિક એમ છના વિચ્છેદથીસૂક્ષ્મ સંપરાયે સાઠ. તેમાંથી સંજવલન લોભનો અંત થતાં ઉપશાંતગુણસ્થાનકે ઓગણસાઠ. વળી ઋષભનારાચ દ્વિકનો વિચ્છેદ થતાં (૧૯)

**સગવન્ન ખીણદુચરિમિ, નિદ્દદુગંતો અ ચરિમિ પણવન્ના ।**
**નાણંતરાયદંસણ, -ચઉ છેઓ સજોગિ બાયાલા ॥૨૦॥**

ક્ષીણ મોહે સત્તાવન. તેના દ્વિચરિમ સમયે નિદ્રા ૨ નો અંત થતાં ચરમ સમયે પંચાવન. જ્ઞાનાવરણ, અંતરાય, દર્શનાવરણ ચારનો નાશ થતાં સયોગીમાં બેંતાલીશ. (૨૦)

**તિત્થુદયા ઉરલા-થિર, -ખગઇદુગ પરિત્તતિગ છ સંઠાણા ।**
**અગુરુલહુ-વન્નચઉનિમિણ-તેઅકમ્માઇ સંઘયણં ॥૨૧॥**

તીર્થંકર નામકર્મનો ઉદય થવાથી. ઔદારિક ૨, અસ્થિર ૨, ખગતિ ૨, પ્રત્યેક ૩, છ સંસ્થાન, અગુરૂલઘુ ૪, વર્ણ ૪, નિર્માણ, તૈજસ, કાર્મણ, આદ્યસંઘયણ. (૨૧)

**દૂસર સૂસર સાયા, -સાએગયરં ચ તીસવુચ્છેઓ ।**
**બારસ-અજોગિ સુભગાઇજ્જ-જસન્નયરવેઅણિઅં ॥૨૨॥**
**તસતિગપણિંદિમણુઆઉ ગઇજિણુચ્ચંતિ ચરિમસમયંતો ।**
**ઉદઉવ્વુદીરણા પર-મપત્તાઇ-સગગુણેસુ ॥૨૩॥**

દુ-સ્વર-સુસ્વર, સાતા-અસાતામાંથી એક, ત્રીસનો વિચ્છેદ થતાં સુભગાદેયયશ ૩., અન્યતરવેદનીય, ત્રસ ૩, પંચેન્દ્રીયજાતિ, મનુષ્યાયુષ્ય-ગતિ, જિન, ઉચ્ચ આ બાર

અયોગીના ચરમ સમયે અંતવાળી છે. ઉદયની જેમ ઉદીરણા છે. પણ અપ્રમત્તાદિ ૭ ગુણસ્થાનકોમાં. (૨૨,૨૩)

**એસા પયડિતિગૂણા, વેયણયાહારજુઅલ-થીણતિગં ।**
**મણુઆઉ પમત્તંતા, અજોગિ અણુદીરગો ભયવં ॥૨૪॥**

આ (ઉદીરણા) ત્રણ પ્રકૃતિ ન્યુન હોય છે. તેથી વેદનીય ૨, આહારક ૨, થિણદ્ધિ ૩ , મનુષ્યા, પ્રમત્ત ગુણ. અંતવાળી છે. અયોગી ભગવાન અનુદીરક છે. (૨૪)

**સત્તાકમ્માણ ઠિઇ, બંધાઇ લદ્ધ-અત્તલાભાણં ।**
**સંતે અડયાલસયં, જા ઉવસમુ વિજિણુબિઅતઇએ ॥૨૫॥**

બંધાદીથી પ્રાપ્ત કર્યું છે પોતાનું આત્મસ્વરુપ જેને તેવા કર્મોની સ્થિતિ (આત્મા જોડે રહેવું) તે સત્તા. સત્તામાં અકસો અડતાલીસ પ્રકૃતિ ઉપશાંત સુધી છે. બીજા-ત્રીજામાં જિન સિવાય છે. (૨૫)

**અપુવ્વાઇચઉક્કે, અણતિરિનિરયાઉ વિણુ બિયાલસયં ।**
**સમ્માઇચઉસુ સત્તગ-ક્ખયંમિ ઇગચત્તસયમહવા ॥૨૬॥**

અપૂર્વાદિ ૪ માં (૮ થી ૧૧) અનંતાનુબંધી ૪, તિર્યચ નર'ાયુષ્ય સિવાય એકસો બેંતાલીસ છે. દર્શનસપ્તકનો ક્ષય થતાં સમ્યકત્વાદિ ચારમાં એકસો એકતાલીસ છે. (૨૬)

**ખવગંતુપપ્પ ચઉસુવિ, પણયાલં નિરયતિરિસુરાઉ વિણા ।**
**સત્તગવિણુ અડતીસં, જા અનિઅટ્ટી-પઢમભાગો ॥૨૭॥**

ક્ષપકશ્રેણિને આશ્રયિને નરક-તિર્યચ-દેવાયુષ્ય વિના ૪ ગુણસ્થાનકે (૪ થી ૭) એકસો પીસ્તાલીસ, તથા

દર્શનમોહનીય ૭ વિના એકસો આડત્રીસ. યાવત્ અનિવૃત્તિના પ્રથમ ભાગ સુધી હોય છે. (૨૭)

**થાવરતિરિનિરિયાયવ-દુગ થીણતિગેગ વિગલ સાહારં ।**
**સોલખઓ દુવીસસયં, બિઅંસિ બિઅતિ અકસાયંતો ॥૨૮॥**

સ્થાવર ૨, તિર્યંચ ૨, નરકર, આતપ ૨, થિણદ્ધિ ૩, એકે., વિકલે૦., સાધારણ એ ૧૬ નો ક્ષય થવાથી બીજા ભાગે એકસો બાવીસ, (ત્યાં) બીજા ત્રીજા કષાયનો અંત થાય છે. (૨૮)

**તઇઆઇસુ ચઉદસતેર, બારછપણ-ચઉતિહિયસય કમસો ।**
**નપુઇત્થિહાસછગપુંસ, તુરિઅકોહ મય-માય-ખઓ ॥૨૯॥**

ત્રીજાદિ (ભાગોમાં) ચૌદ-તેર-બાર-છ-પાંચ-ચાર-ત્રણ-અધિક સો ક્રમશઃ થાય છે. તથા નપુ., સ્ત્રી, હાસ્યાદિ ૬, પુરુષ વેદ, સંજવલન ક્રોધ-માન-માયાનો ક્ષય થાય છે. (૨૯)

**સુહુમિ દુસય લોહંતો, ખીણદુચરિમેગસય દુનિદખઓ ।**
**નવનવઇ ચરિમસમએ, ચઉદંસણ-નાણવિગ્ઘંતો ॥૩૦॥**

સૂક્ષ્મસંપરાયે એકસો બે, લોભનો અંત થતાં ક્ષીણમોહના દ્વિચરમસમય (સુધી) એકસો એક, બે નિદ્રાનો ક્ષય થતાં ચરમ સમયે નવ્વાણું, ચાર દર્શનાવરણ, અંતરાયનો ક્ષય થતાં. (૩૦)

**પણસીઇ સજોગિ અજોગિ, દુચરિમે દેવખગઇગંધદુગં ।**
**ફાસટ્ઠ વન્નરસતણુ-બંધણસંઘાયણ નિમિણં ॥૩૧॥**

પંચ્યાસી સયોગીમાં યોગીના દ્વિચરમસમયે દેવ ૨, ખગતિ ૨, ગંધ ૨, આઠ સ્પર્શ વર્ણ-રસ-શરીર-બંધન-સંઘાતન

પંચક નિર્માણ. (૩૧)

**સંઘયણઅથિરસંઠાણ-છક્ક અગુરુલહુચઉ અપજ્જત્તં ।**
**સાયં વ આસાયં વા, પરિત્તુવંગતિગ સુસર નિઅં ॥૩૨॥**


સંઘયણ-અસ્થિર-સંસ્થાનષટ્ક, અગુરૂલઘુ ચતુષ્ક, અપર્યાપ્ત, સાતા કે અસાતા, પ્રત્યેક ૩, ઉપાંગ ૩, સુસ્વર, નીચ. (૩૨)

**બિસયરિખઓ અ ચરિમે, તેરસમણુઅતસતિગજસાઇજ્જં ।**
**સુભગ-જિણુચ્ચ-પણિંદિઅ-સાયાસાએગયર-છેઓ ॥૩૩॥**
**નરઅણુપુવ્વિવિણા વા, બારસ, ચરિમસમયંમિ જો ખવિઉં ।**
**પત્તો સિદ્ધિં દેવિંદ-વંદિઅં નમહ તં વીરં ॥૩૪॥**

બોંતેરના ક્ષયથી ચરમસમયે ૧૩, મનુષ્ય-ત્રસ-૩, સુભગ, આદેય, યશ, જિન, ઉચ્ચ, પંચેન્દ્રિય, સાતાપૂર્વી વિના બારનો ચરમ સમયે ક્ષય કરીને સિદ્ધિપણાને પ્રાપ્ત થયેલ દેવેન્દ્રોથી (અથવા દેવેન્દ્રસૂરિથીઃ વંદિત તે વીર ભગવાનને નમસ્કાર કરો. (૩૩, ૩૪)

## બીજો કર્મગ્રંથ સમાપ્ત





# ત્રીજો કર્મ ગ્રંથ

**બંધવિહાણ-વિમુક્કં, વંદિય સિરિવદ્ધમાણ-જિણચંદં ।**
**ગઇ-આઇસુ વુચ્છં, સમાસઓ બંધસામિતં ॥૧॥**

કર્મબંધનના વિધાનથી રહિત શ્રી વર્ધમાન જિનચંદ્રને નમસ્કાર કરીને ગતિ વિગેરેને વિષે સંક્ષેપ થી બંધસ્વામિત્વ કહીશ. ॥ ૧ ॥

**ગઇ ઇંદિએ ય કાએ, જોએ વેએ કસાય નાણે ય ।**
**સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥૨॥**

ગતિ ચાર, ઈંદ્રિય પાંચ, કાય છ, યોગ ત્રણ, વેદ ત્રણ, કષાય ચાર, જ્ઞાન આઠ, સંયમ સાત, દર્શન ચાર, લેશ્યા છ, ભવ્ય-અભવ્ય બે, સમ્યક્ત્વ છ, સંજ્ઞિ-અસંજ્ઞિ બે અને આહારી-અણાહારી એ બે ; એ ૧૪ માર્ગણાના ઉત્તરભેદ ૬૨ જાણવા. ॥ ૨ ॥

**જિણ સુરવિઉવાહારદુ, દેવાઉ ય નિરય સુહુમ વિગલતિગં ।**
**એગિંદિ થાવરાયવ-નપુ મિચ્છં હુંડ છેવટ્ઠં ॥૩॥**
**અણમજ્ઝાગિઇસંઘયણ, કુખગઇનિયઇત્થિદુહગથીણતિગં ।**
**ઉજ્જોઅ તિરિદુગંતિરિ, -નરાઉ નરઉરલદુગ-રિસહં ॥૪॥**

જિનનામ, સુરદ્વિગ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ અને નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિયજાતિ, સ્થાવરનામ, આતપનામ, નપુંસકવેદ,

મિથ્યાત્વ મોહનિય, હુંડસંસ્થાન મોહનિય, હુંડસંસ્થાન, છેવઠ્ઠું સંઘયણ; અનંતાનુબંધિ ચાર, મધ્યની આકૃતિ (સંસ્થાન) ચાર, મધ્યસંઘયણ ચાર, અશુભવિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, તિર્યંચાયુ, નરાયુ, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ ॥૩-૪॥

**સુરઇગુણવીસવજ્જં, ઇગસઉઓહેણ બંધહિં નિરયા ।**
**તિત્થવિણા મિચ્છ સયં, સાસણિ નપુચઉવિણા છનુઇ ॥૫॥**

સુરદ્વિકાદિ ઓગણીશ પ્રકૃતિ વર્જીને એકસો એક પ્રકૃતિ ઓધે નારકીના જીવો બાંધે, તીર્થંકરનામ વિના મિથ્યાત્વે સો પ્રકૃતિ (બાંધે), નપુંસકચતુષ્ક વિના છન્નુ પ્રકૃતિ સાસ્વાદને (બંધમા) જાણવી. ॥ ૫ ॥

**વિણુઅણછવીસ મીસે, બિસયરિ સમ્મંમિ જિણનરાઉજુઆ ।**
**ઇઅ રયણાઇસુ ભંગો, પંકાઇસુ તિત્થયર-હીણો ॥૬॥**

અનંતાનુબધિ ચતુષ્ક આદિ છવીસ પ્રકૃતિવિના મિશ્રે (સિત્તોર) જાણવી. જિનનામ અને મનુષ્યાયુએ યુકત બહોંતેર પ્રકૃતિ સમ્યગ્દ્રષ્ટિ બંધાય, આ (બંધ આશ્રી) રત્ન પ્રભા વિગેરે ત્રણ નારકીમાં જાણવો. પંકપ્રભા આદિભંગ રત્નપ્રભા વિગેરે ત્રણ નારકીમાં જાણવો. પંકપ્રભા આદિ ત્રણને વિષે (પૂર્વોક્ત બંધનો ભંગ) તીર્થંકર નામકર્મ રહિત કહ્યો છે. ॥ ૬ ॥

**અજિણમણુઆઉ ઓહે, સત્તંમિએ નરદુગુચ્ચવિણુ મિચ્છે ।**
**ઇગનવઇ સાસાણે, તિરિઆઉ નપુંસચઉ વજ્જં ॥૭॥**

જિનનામ અને મનુષ્યાયુવિના (નવાણુ પ્રકૃતિ) સાતમી નારકીએ ઓઘે બંધાય. મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના મિથ્યાત્વે (છન્નું) બંધાય. તિર્યંચાયુ અને નપુંસકચતુષ્ક વિના સાસ્વાદને એકાણું પ્રકૃતિ બંધમાં હોય ॥ ૭ ॥

**અણચઉવીસ વિરહિઆ, સનરદુગુચ્ચા ચ સયરિ મીસદુગે ।**
**સતરસઓ ઓહિ મિચ્છે, પજ્જતિરિઆ વિણુ જિણાહાર ॥૮॥**

અનંતાનુંબંધિ આદિ ચોવીશ પ્રકૃતિ વિના અને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રે સહિત સિત્તેર પ્રકૃતિ મિશ્રદ્વિકે બંધાય. જિનનામ અને આહારકદ્વિક વિના એકસો સત્તર પ્રકૃતિ પર્યાપ્તા તિર્યંચ ઓઘે અને મિથ્યાત્વે બંધે ॥ ૮ ॥

**વિણુ નિરયસોલ સાસણિ, સુરાઉ અણએગતીસ વિણુ મીસે ।**
**સસુરાઉ સયરિ સમ્મે, બીઅકસાએ વિણા દેસે ॥૯॥**

નરકત્રિકાદિક સોલ પ્રકૃતિ વિના સાસ્વાદને (એકસો એક પ્રકૃતિ( બાંધે. દેવાયુ અને અનંતાનુબંધિ આદિ એકત્રીસ પ્રકૃતિ વિના (૬૯ પ્રકૃતિ) મિશ્રે બાંધે. દેવાયુ સહિત સિત્તેર પ્રકૃતિ સમ્યગદષ્ટિએ બંધાય. બીજા કષાય વર્જિત દેશવિરતિએ (૬૬ પ્રકૃતિ) બંધે હોય ॥ ૯ ॥

**ઇયચઉગુણેસુ વિ નરા, પરમજયા સજિણઓહુ દેસાઇ ।**
**જિણઇક્કારસહીણં, નવસય અપજ્જત્ત-તિરિઅનરા ॥૧૦॥**

ચાર ગુણઠાણાને વિષે પર્યાપ્તા મનુષ્યો પણ એમજ બાંધે પરન્તુ ; અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યો જિનનામ સહિત બાંધે. દેશવિરતિથી માંડીને ઓઘ (કર્મસ્તવોક્ત) બંધ જાણવો. જિનએકાદશરહિત એકસો નવ પ્રકૃતિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્ય બાંધે. ॥ ૧૦ ॥

**નિરયવ્વ સુરા નવરં, ઓહે મિચ્છે ઇગિંદિતિગ-સહિઆ ।**
**કપ્પદુગે.વિય એવં, જિણહીણો જોઇ-ભવણ-વણે ॥૧૧॥**

નારકીની પેઠે દેવતા બાંધે (=બંધના સ્વામિ જાણવા,) એટલું વિશેષ કે, ઓઘે અને મિથ્યાત્વે એકેન્દ્રિયત્રિક સહિત છે. બે દેવલોકને વિષે પણ એ જ પ્રકારે બંધ હોય. જ્યોતિષ્ક અને ભવનપતિને વિષે જિનનામ વિના (તે) બંધ જાણવો. ॥ ૧૧ ॥

**રયણુવ્વ સણંકુમારાઇ, આણયાઇ ઉજ્જોયચઉ-રહિઆ ।**
**અપજ્જતિરિઅવ્વ નવસય,-મિગિંદિપુઢવિજલતરુવિગલે ॥૧૨॥**

સનત્કુમારથી સહસ્ત્રાર સુધીના દેવો રત્નપ્રભાની પેઠે બાંધે. આનત વગેરેના દેવો ઉદ્યોતચતુષ્ક વિના બાંધે. અપર્યાપ્તા તિર્યંચની પેઠે એકસો નવ પ્રકૃતિનો બંધ એકેંદ્રિય જાતિ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિકલેંદ્રિયને વિષે હોય છે. ॥ ૧૨ ॥

**છનવઇ સાસણિ વિણુ સુહુમતેર, કેઇ પુણ બિંતિ ચઉનવઇ ।**
**તિરિઅનરાઊહીં વિણા, તણુપજ્જત્તિં ન જંતિ જઓ ॥૧૩॥**

સૂક્ષ્મ તેર વિના સાસ્વાદન ગુણઠાણે તેઓ છન્નું બાંધે. કોઇ આચાર્ય વળી તિર્યંચ અને મનુષ્યાયુ વિના ચોરાણું કહે છે, જે કારણ માટે તેઓ શરીર પ્રયાપ્તિ પૂર્ણ ન તિગુ કરે. ॥ ૧૩ ॥

**ઓહુ પણિંદિતસે ગઇ-તસે જિણિક્કારનરચ્ચવિણા ।**
**મણવયજોગે ઓહો, ઉરલે નરભંગુ તમ્મિસ્સે ॥૧૪॥**

પંચેદ્રિયજાતિ અને ત્રસકાયને વિષે ઓઘ બંધ જાણવો, ગતિત્રસને વિષે જિનએકાદશ, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્રવિના (એકસો પાંચ) બંધાય. મનયોગ અને વચનયોગ ઓઘ બંધ જાણવો. ઔદારિકે મનુષ્યનો ભાંગો, અને તે (ઔદારિક) ના મિશ્રે. ॥૧૪॥

**આહારછગવિણોહે, ચઉદસસઉ મિચ્છિ જિણપણ ગહીણં ।**
**સાસણિ ચઉનવઇ વિણા, તિરિઅનરાઉ સુહુમતેર ॥૧૫॥**

આહારક ષટ્ક વર્જિ ઓધે એકસો ચૌદ, મિથ્યાત્વે જિન પંચક હીન ૧૦૯ બાંધે અને સાસ્વાદને તિર્યંચાયુ, મનુષ્યાયુ અને સૂક્ષ્મ આદિ તેર વિના ચોરાણું પ્રકૃતિ બાંધે ॥ ૧૫ ॥

**અણચઉવીસાઇ વિણા, જિણપણજુઅ સમ્મિ જોગિણો સાયં ।**
**વિણું તિરિનરાઉ કમ્મે, વિ એવમાહારદુગિ ઓહો ॥૧૬॥**

અનંતાનુબંધિ વગેરે ચોવીશ પ્રકૃતિ વિના અને જિનપંચક સહિત (૭૫) સમ્યગ્દૃષ્ટિએ બાંધે, સયોગી ગુણઠાણાવાળા સાતા બાંધે, તિર્યંચાયુ-મનુષ્યાયુ વિના કાર્મણકાયયોગ પણ એમ જ બંધ હોય. આહારકદ્વિકે ઓઘ બંધ જાણવો ॥ ૧૬ ॥

**સુરાઓહો વેઉવ્વે, તિરિઅનરાઉ-રહિઓ અ તમ્મિસ્સે ।**
**વેઅતિગાઇમ બિઅતિઅ, કસાય નવ દુચઉપંચગુણા ॥૧૭॥**

દેવગતિનો ઓઘ બંધ વૈક્રિય કાયયોગે જાણવો. તિર્યંચ અને મનુષ્યાયુ વિના તે દેવગતિનો ઓઘબંધ વૈક્રિયમિશ્રે જાણવો. વેદત્રિક, પહેલા કષાય, બીજા કષાય અને ત્રીજા કષાયે અનુક્રમે નવ, બે, ચાર અને પાંચ ગુણઠાણા હોય. ॥ ૧૭ ॥

**સંજલર્ણતિગે નવ દસ, લોભે ચઉ અજઇ દુતિ અનાણતિગે ।**
**બારસ ચક્ખુ પઢમા અહખાય ચરિમચઉ ॥૧૮॥**

સંજ્વલનત્રિકે નવ ગુણઠાણા, સંજ્વલન લોભે દશ ગુણઠાણા, અવિરતિ ચારિત્રે ચાર, અજ્ઞાનત્રિકે બે અગર ત્રણ અને અચક્ષુદર્શન તથા ચક્ષુદર્શને બાર ગુણઠાણા (સર્વને) પ્રથમના હોય. યથાખ્યાત ચારિત્રે છેલ્લાં ચાર ગુણઠાણાં હોય. ॥ ૧૮ ॥

**મણનાણિ સગ જયાઇ, સમઇઅચ્છેઅચઉદુન્નિપરિહારે ।**
**કેવલદુગિદો-દો ચરમાડજયાઇ નવ મઇસુઓહિદપણગે ॥૧૯॥**

મનઃપર્યવજ્ઞાને પ્રમત્તઆદિ સાત, સામયિક અને છેદોપસ્થાનીયે ચાર, પરિહારવિશુદ્ધિ ચારિત્રે બે, કેવળદ્વિકે બે છેલ્લા ગુણઠાણાં હોય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અનધિદ્વિકે અવિરતિથી નવ ગુણઠાણા હોય. ॥ ૧૯ ॥

**અડ ઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર મિચ્છતિગિ દેસે ।**
**સુહુમિ સઠાણં તેરસ, આહારગિનિઅનિઅગુણોહો ॥૨૦॥**

ઉપશમ સમ્યક્ત્વે આઠ, વેદક સમ્યક્ત્વે ચાર ક્ષાયિકે

અગ્યાર, મિથ્યાત્વિત્રિકે, દેશવિરતિ ચારિત્રે અને સૂક્ષ્મસંપરાય ચારિત્રે પોતપોતાના સ્થાનના ગુણઠાણા હોય. આહારકે તેર ગુણઠાણા હોય. પોતપોતાના ગુણઠાણાના ઓઘ પેઠે પ્રકૃતિ લેવી. ॥ ૨૦ ॥

**પરમુવસમિ વટ્ટંતા, આઉ ન બંધંતિ તેણ અજયગુણે ।**
**દેવમણુઆઉ હીણો, દેસાઇસુ પુણ સુરાઉ વિણા ॥૨૧॥**

પરંતુ ઔપશમિક સમ્યક્ત્વે વર્તતા જીવો આયુ બાંધે નહી, તે માટે (તેમને) અવિરત ગુણસ્થાને દેવ અને મનુષ્યાયુવડે હીન ઓઘ બંધ હોય. દેશવિરતાદિમાં વળી દેવાયુ વિના બંધ જાણવો. ॥ ૨૧ ॥

**ઓહે અટ્ઠારસયં, આહારદુગૂણ-માઇ લેસતિગે ।**
**તં તિત્થોણં મિચ્છે, સાણાઇસુ સવ્વહિં ઓહો ॥૨૨॥**

પહેલી ત્રણ લેશ્યાએ આહારકદ્વિક વર્જીએકસો અઢાર પ્રકૃતિ ઓઘે બંધાય. તીર્થંકર નામકર્મ વિના તે બંધ મિથ્યાત્વે (૧૧૭) નો જાણવો. સાસ્વાદનથી માંડીને સર્વ ગુણઠાણે ઓઘબંધ જાણવો. ॥ ૨૨ ॥ .

**તેઊ નિરયનવૂણા, ઉજ્જોઅચઉ નિરયબાર વિણુ સુક્કા ।**
**વિણુ નિરયબાર પમ્હા, અજિણાહારા ઇમા મિચ્છે ॥૨૩॥**

તેજોલેશ્યાએ નરકાદિ નવ વિના (૧૧૧ પ્રકૃતિનો) બંધ હોય. ઉદ્યોત ચતુષ્ક અને નરકાદિ બાર વિના (૧૦૪ નો બંધ શુકલ લેશ્યાએ જાણવો. નરકાદિ બાર વિના પદ્મ લેશ્યાએ બંધ જાણવો. જિનનામ અને આહારકદ્વિકે વિના આ સર્વે બંધ મિથ્યાત્વે જાણવો. ॥૨૩॥


**સવ્વગુણ ભવ સન્નિસુ, ઓહુ અભવ્વા અસન્નિ મિચ્છિસમા ।**
**સાસણિ અસન્નિ સન્નિવ્વ, કમ્મણભંગો અણાહારે ॥૨૪॥**

ભવ્ય અને સંજ્ઞિને વિષે સર્વ ગુણઠાણા અને કર્મસ્તવોક્ત બંધ હોય. અભવ્ય અને અસંજ્ઞિને મિથ્યાત્વ ગુણઠાણા સમાન બંધ જાણવો. સાસ્વાદને અસંજ્ઞિને, સંજ્ઞિની પેઠે બંધ હોય. અણાહાર માર્ગણાએ, કાર્મણ કાયયોગનો ભાંગો (બંધનો) હોય. ॥ ૨૪ ॥

**તિસુ દુસુ સુક્કાઇગુણા, ચઉ સગ તેરત્તિ બંધસામિત્તં ।**
**દેવિંદસૂરિ-રઇઅં, નેઅં કમ્મત્થયં સોઉં ॥૨૫॥**

ત્રણ લેશ્યાએ પહેલા ચાર ગુણઠાણા, બે લેશ્યાએ સાત, અને શુક્લ લેશ્યાએ તેર ગુણઠાણા હોય, એ પ્રકારે બંધસ્વામિત્વ દેવેન્દ્રસૂરિએ રચ્યું, તે કર્મસ્તવ સાંભળીને (સંભારીને)જાણવા યોગ્ય છે. ॥ ૨૫ ॥

## ત્રીજો કર્મગ્રંથ સમાપ્ત





# ચોથો કર્મગ્રંથ

**નમિઅ જિણં જિઅમગ્ગણ,-ગુણઠાણુવઓગજોગલેસાઓ ।**
**બંધપ્પબહૂ ભાવે, સંખિજ્જાઇ કિમવિ વુચ્છં ॥૧॥**

જિનેશ્વરને નમસ્કાર કરીને જીવસ્થાનક, માર્ગણા સ્થાનક, ગુણસ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધ, અલ્પબહુત્વ, ભાવ અને સંખ્યાતા આદિ કંઈક કહીશ. ॥ ૧ ॥

**ચઉનિમિય જિણં વત્તવ્વા, ચઉદસ-જિઅઠાણએસુ ગુણઠાણા ।**
**જોગુવઓગો લેસા, બંધુદઓદીરણા સત્તા ॥૧॥**

જિનેશ્વરને નમસ્કાર કરીને ચૌદ જીવસ્થાનકને વિષે ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા (એ સાઠ) કહેવાનાં છે. ॥ ૧ ॥

**[તહ મૂલ ચઉદ મગ્ગણ,- ઠાણેસુ બાસટ્ઠિ ઉત્તરેસું ચ ।**
**જિઅ-ગુણં જોગુવઓગા, લેસપ્પબહું ચ છટ્ઠાણા] ॥૨॥**

તેમજ મૂળ ચૌદ માર્ગણાસ્થાન અને બાસઠ ઉત્તર માર્ગણાસ્થાનને વિશે જીવભેદ. ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા, અલ્પબહુત્વ એ છ સ્થાનક કહીશું. ॥ ૨ ॥

**[ચઉદસગુણેસુ જિઅ જોગુ-વઓગલેસા ય બંધહેઊ ય ।**
**બંધાઇચઉ અપ્પા, -બહું ચ તો ભાવસંખાઇ]॥૩॥**

ચૌદ ગુણઠાણાને વિષે જીવના ભેદ, યોગ, અપયોગ, લેશ્યા અને બંધહેતુ તેમજ બંધાદિ ચાર અને તેમનું અલ્પબહુત્વ

તે પછી ભાવ અને સંખ્યાતાદિ કહીશું ॥ ૩ ॥

**ઇહ સુહુમબાયરેગિંદિ, બિતિચઉ-અસન્નિસન્નિપંચિંદી ।**
**અપજ્જત્તા પજ્જત્તા, કમેણ ચઉદસ જિઅઠ્ઠાણા ॥૨॥**

આ જગતને વિષે સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેદ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રિય, અસંજ્ઞિ પંચેદ્રિય અને સંજ્ઞિ પંચેદ્રિય એ અપર્યાપ્તા અને પર્યાપ્તા; એ અનુક્રમે ચૌદ જીવના સ્થાનકો છે. ॥ ૨ ॥

**બાયરઅસન્નિવિગલે. અપજ્જિપઢમબિઅ સન્નિઅપજ્જતે ।**
**અજયજુઅ સન્નિપજ્જે, સવ્વગુણા મિચ્છ સેસેસુ ॥૩॥**

અપર્યાપ્તા એવા બાદર એકેદ્રિય, અસંજ્ઞિ પંચેદ્રિય અને વિકલેદ્રિયને વિષે પહેલું અને બીજું ગુણઠાણું હોય ; અપર્યાપ્તા સંજ્ઞિ પંચેદ્રિયને વિષે અવિરતિ સહિત (ત્રણ ગુણઠાણા) હોય સંજ્ઞિ પર્યાપ્તાને વિષે સર્વ ગુણઠાણાં અને બાકીના જીવસ્થાનકને વિષે મિથ્યાત્વ ગુણઠાણું હોય. ॥ ૩ ॥

**અપજ્જત્તછક્કિ કમ્મુરલ, મીસ જોગા અપજ્જસન્નિસુ ।**
**તે સવિઉવ્વમીસએસુ, તણુપજ્જેસુ ઉરલમન્ને ॥૪॥**

અપર્યાપ્તા છ જીવભેદેને વિષે કાર્મણ અને ઔદારિકમિશ્ર યોગ હોય. અપાર્યાપ્તા સંજ્ઞિ પંચેદ્રિયને વિષે તે (બે યોગ) વૈક્રિયમિશ્ર સહિત (ત્રણ) હોય ;એમાં વળી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઔદારિક કાયયોગ અન્ય આચાર્યો માને છે. ॥ ૪ ॥

**સવ્વે સન્નિપજ્જત્તે, ઉરલં સુહુમે સભાસુ તં ચઉસુ ।**
**બાયરિ સવિઉવ્વિદુગં, પજ્જસન્નિસુ બાર ઉવઓગા ॥૫॥**

સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તોને વિષે સર્વે યોગ હોય, પર્યાપ્તા સૂક્ષ્મ એકેંદ્રિયમાં ઔદારિક કાયયોગ હોય, તે ચાર (વિકલેંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિય) ને વિષે ભાષા (અસત્યામૃષા વચનયોગ) સહિત (બે યોગ) હોય. પર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને બાર ઉપયોગ હોય. ॥ ૫ ॥

**પજ્જચઉરિદિ-અસન્નિસુ, દુદંસદુઅનાણ દસસુ ચક્ખુવિણા ।**
**સન્નિઅપજ્જે મણનાણ-ચક્ખુકેવલદુગ વિહૂણા ॥૬॥**

પર્યાપ્તા ચૌરિંદ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞિપંચેંદ્રિયને વિષે બે દર્શન અને બે અજ્ઞાન હોય, દશ જીવનાભેદને વિષે ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ હોય; સંજ્ઞિ પંચેદ્રિયને બાર ઉપયોગ હોય. ॥ ૫ ॥

**પજ્જચઉરિદિ-અસન્નિસુ, દુદંસદુઅનાણ દસસુ ચક્ખુવિણા ।**
**સન્નિઅપજ્જે મણનાણ-ચક્ખુકેવલદુગ વિહૂણા ॥૬॥**

પર્યાપ્તા ચૌરિદ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞિપંચેંદ્રિયને વિષે બે દર્શન અને બે અજ્ઞાન હોય, દશ જીવનાભેદને વિષે ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ હોય ; સંજ્ઞિ પંચેંદ્રિય અપર્યાપ્તાને વિશે મનઃપર્ય વજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદ્વિક વિના (આઠ) ઉપયોગ હોય. ॥ ૬ ॥

**સન્નિદુગિ છલેસ અપજ્જ બાયરે પઢમચઉ તિ સેસસુ ।**
**સત્તટ્ઠ બંધુદીરણ, સંતુદયા અટ્ઠ તેરસસુ ॥૭॥**

સંજ્ઞાદ્વિક (પર્યાપ્તા-અપર્યાપ્તા) ને વિષે ૬ લેશ્યા હોય, અપર્યાપ્તા બાદર એકેંદ્રિયને વિષે પ્રથમની ચાર લેશ્યા હોય અને બાકીના જીવસ્થાનને વિષે પ્રથમની ત્રણ લેશ્યા હોય, સાત અથવા આઠ કર્મનો બંધ તથા ઉદીરણા અને સત્તા તથા ઉદય આઠ કર્મનો તેર જીવસ્થાનને વિષે હોય. ॥ ૭ ॥

**સત્તટ્ઠ છેગ બંધા, સંતુદયા સત્ત અટ્ઠ ચત્તારિ ।**
**સત્તટ્ઠ છ પંચ દુગં, ઉદીરણા સન્નિપજ્જત્તે ॥૮॥**

સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સાત, આઠ, છ અને એક કર્મનો બંધ હોય ; સત્તા અને ઉદય સાત, આઠ અને ચાર કર્મની હોય અને ઉદીરણા સાત, આઠ, છ, પાંચ અને બે કર્મની હોય. ॥૮ ॥

**ગઇ-ઇંદિએ ય કાએ, જોએ વેએ કસાય નાણેસુ ।**
**સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥૯॥**

હવે ૧૪ માર્ગણાસ્થાન કહે છે. ગતિદ્વાર ૧, ઈંદ્રિયદ્વાર ૨, કાયદ્વાર ૩, યોગદ્વાર ૪, વેદદ્વાર ૫, કષાયદ્વાર ૬, જ્ઞાનદ્વાર ૭, સંયમદ્વાર ૮, દર્શનદ્વાર ૯, લેશ્યાદ્વાર ૧૪, એ એકેકા માર્ગણાદ્વારને વિષે સર્વ સંસારી જીવ આવે. ॥ ૯ ॥

**સુરનરતિરિનિરયગઇ, ઇગબિઅતિઅ-ચઉપણિદિછક્કાયા ।**
**ભૂજલજલણાનિલવણ, તસા ય મણ-વયણ તણુજોગા ॥૧૦॥**

દેવગતિ, મનુષ્યગતિ, તિર્યચગતિ અને નરકગતિ એમ ગતિમાર્ગણા એકે ન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ ઈન્દ્રિય માર્ગણા પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એમ કાયમાર્ગણા અને મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ પ્રમાણે યોગ માર્ગણા. ॥૧૦॥

**વેઅ નરિત્થિ-નપુંસા, કસાચ કોહ-મચ-માચ-લોભત્તિ ।**
**મઇ સુઅવહિમણ-કેવલ, વિભંગ-મઇસુઅનાણ સાગરા ॥૧૧॥**

પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ વેદ માર્ગણા ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રમાણે કષાય માર્ગણા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતઅજ્ઞાન આ આઠ સાકારોપયોગ (જ્ઞાન) માર્ગણા

**સામાઇઅછેઅ પરિહાર, સુહુમ અહક્ખાચદેસજચઅજચા।**
**ચક્ખુઅચક્ખૂ ઓહી, -કેવલદંસણ અણાગારા ॥૧૨॥**

સામાયિક, છેદોપસ્થાઅનીય, પરિહારવિશુધ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ એમ સંયમ માર્ગણા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને કેવળદર્શન એમ ચાર અનાકારોપયોગ (દર્શન) માર્ગણા. ॥૧૨॥

**કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્ક ભવ્વિઅરા ।**
**વેઅગ ખઇગુવસમમિચ્છ, મીસ સાસાણ સન્નિઅરે ॥૧૩॥**

કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એ લેશ્યા માર્ગણા ભવ્ય અને (ઈતર) અભવ્ય એ ભવ્ય માર્ગણા વેદક (ક્ષાયોપશમિક) , ક્ષાયિક, ઔપકશમિક, મિથ્યાત્વ, મિશ્ર અને સાસ્વાદન એ સમ્યક્ત્વ માર્ગણા અને સંજ્ઞી તથા અસંજ્ઞી (ઈતર) એ સંજ્ઞી માર્ગણા. ॥૧૩॥

**આહારેઅર ભેઆ, સુરનિરયવિભંગ-મઇસુઓહિદુગે ।**
**સમ્મત્તતિગે પમ્હા, સુક્કા સન્નીસુ સન્નિદુગં ॥૧૪॥**

આહારી અને અણાહારી (એ ચૌદ માર્ગણાના પૂર્વોક્ત ૬૨) ભેદો જાણવા ગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવાધદર્શન, સમ્યક્ત્વત્રિક, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા વિશે સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે જીવ ભેદ હોય છે. ॥ ૧૪ ॥

**તનસન્નિ અપજ્જજુયં, નરે સબાયરઅપજ્જ તેઉએ ।**
**થાવર ઇંગિંદિ પઢમા, ચઉ બાર અસન્નિ દુ દુ વિગલે ॥૧૫॥**

તે (બે ભેદ) લબ્ધિ અપર્યાપ્તા અસંજ્ઞિએ યુક્ત (ત્રણ જી ાભેદ) મનુષ્યગતિને વિષે હોય. બાદર એકેંદ્રિય અપર્યાપ્તા સહિત (ત્રણ) તેજો લેશ્યાને વિષે હોય. પાંચ સ્થાવર અને એકંદ્રિયને વિષે પ્રથમના ચાર જીવભેદ હોય, અસંજ્ઞીમાર્ગણાને વિષે બાર જીવભેદ હોય. વિકલેંદ્રિય

માર્ગણાને વિષે બે બે જીવભેદ હોય. ॥ ૧૫ ॥

**દસ ચરિમ તસે અજયાહારગતિરિ તણુ કસાય દુઅનાણે ।**
**પઢમતિલેસા-ભવિઅર,-અચક્ખુનપુમિચ્છિ સવ્વેવિ ॥૧૬॥**

ત્રસકાયને વિષે છેલ્લા દશ જીવસ્થાનો હોય, અવિરતિ ચારિત્ર, આહારિ તિર્યંચગતિ, કાયયોગ, કષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસક વેદ અને મિથ્યાત્વને વિષે સર્વે જીવસ્થાનો હોય. ॥૧૬॥

**પજ્જસન્ની કેવલદુગે, સંજમ-મણનાણ-દેસ-મણ મીસે ।**
**પણચરિમપજ્જવયણં, તિય છ વ પજ્જિઅરચક્ખુંમિ ॥૧૭॥**

કેવળજ્ઞાન, કેવળદર્શન, પાંચ સંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ ચારિત્ર, મનોયોગ, અને મિશ્ર સમ્યક્ત્વને વિષે પર્યાપ્તા સંજ્ઞીપંચેંદ્રિય જીવ હોય. વચનયોગને વિષે પાંચ છેલ્લા પર્યાપ્તા જીવસ્થાનો હોય. ચક્ષુદર્શનને વિષે પર્યાપ્તા ત્રણ જીવસ્થાન અથવા ત્રણ પર્યાપ્તા - અપર્યાપ્તા મળી જીવસ્થાનો હોય. ॥ ૧૭ ॥

**થીનર પણિંદિ ચરમા, ચઉ અણહારે દુ સન્નિ છ અપજ્જા ।**
**તે સુહુમઅપજ્જ વિણા, સાસણિ ઇત્તો ગુણે વુચ્છં ॥૧૮॥**

સ્ત્રીવેદ, પુરૂષવેદ અને પંચેંદ્રિયને વિષે છેલ્લા ચાર જીવસ્થાન હોય. અણાહારીને વિષે બે સંજ્ઞિ (પર્યાપ્ત અપર્યાપ્ત) અને છ અપર્યાપ્તા એ આઠ જીવસ્થાન હોય. સૂક્ષ્મ અપર્યાપ્તા વિના તે સાત જીવસ્થાન સાસ્વાદન સમ્યકત્વે હોય. હવે પછી ગુણઠાણાં કહીશું ॥ ૧૮ ॥

**પણતિરિ ચઉ સુરનિરએ, નરસન્નિપણિંદિભવ્વતસિ સવ્વે ।**
**ઇગવિગલ-ભૂદગવણે, દુ દુ એગં ગઇતસ-અભવ્વે ॥૧૯॥**

તિર્યંચ ગતિને વિષે પહેલાં પાંચ ગુણઠાણાં હોય. દેવતા અને નારકીને વિષે ચાર ગુણઠાણાં હોય. મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેંદ્રિય, ભવ્ય અને ત્રસકાયને વિષે સર્વ ગુણઠાણાં હોય, એકેંદ્રિય, વિકલેંદ્રિય, પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાયને વિષે બે બે ગુણઠાણાં હોય. ગતિત્રસ અને અભવ્યને વિષે એક ગુણઠાણું હોય. ॥ ૧૯ ॥

**વેઅતિક્સાય નવ દસ, લોભે અજઇ દુતિ અનાણતિગે ।**
**બારસ અચક્ખુ ચક્ખુસુ, પઢમા અહખાઇ ચરિમચઊ ॥૨૦॥**

ત્રણ વેદ અને ત્રણ કષાયને વિષે નવ ગુણઠાણાં હોય, લોભે દશ ગુણઠાણા હોય, અવિરતિ ચારિત્રને વિષે ચાર ગુણઠાણાં હોય, અજ્ઞાનત્રિકે બે અથવા ત્રણ ગુણઠાણાં હોય અને ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શનને વિષે પ્રથમનાં બાર ગુણઠાણાં હોય, યથાખ્યાત ચારિત્રને વિષે છેલ્લા ચાર ગુણઠાણાં હોય. ॥૨૦॥

**મણનાણિ સગ જયાઇ, સમઇઅ છેઅ ચઉ દુન્નિ પરિહારે ।**
**કેવલદુગિ દો ચરિમાડ જયાઇ નવ મઇસુઓહિદુગે ॥૨૧॥**

મનઃપર્યવજ્ઞાને પ્રમત્તાદિ સાત ગુણઠાણાં હોય, સામાયિક અને છદોપસ્થાપનીય ચારિત્રે ચાર (પ્રમત્તાદિ) ગુણઠાણાં હોય,

પરિહારવિશુદ્ધિ ચારિત્રે પ્રમત્ત-અપ્રમત્ત એ બે ગુણઠાણાં હોય, કેવળદ્વિકે છેલ્લાં બે ગુણઠાણાં હોય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે અવિરતિ આદિ નવ ગુણઠાણાં હોય. ॥૨૧॥

**અડઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર મિચ્છતિગિ દેસે ।**

**સુહુમે અ સઠાણં તેર, જોગ-આહાર-સુક્કાએ ॥૨૨॥**

ઔપશમિક સમ્યક્ત્વે આઠ (અવિરતિ આદિ) ગુણઠાણાં હોય, વેદક સમ્યક્ત્વે ચાર ગુણઠાણાં હોય અને ક્ષાયિક, સમ્યક્ત્વે (અવિરતાદિ) અગ્યાર ગુણઠાણાં હોય. મિથ્યાત્વત્રિક, (મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર) દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયે પોતપોતાનાં ગુણઠાણાં હોય, ત્રણયોગ માર્ગણાએ, આહારી માર્ગણાએ અને શુક્લલેશ્યા માર્ગણાએ તેર ગુણઠાણાં હોય. ॥ ૨૨ ॥

**અસન્નિસુ પઢમદુગં, પઢમતિલેસાસુ છચ્ચ દુસુ સત્ત ।**

**પઢમંતિમદુગ અજયા, અણહારે મગ્ગણાસુ ગુણા ॥૨૩॥**

અસંજ્ઞીને વિષે પહેલાં બે ગુણસ્થાનક હોય, પહેલી ત્રણ લેશ્યાએ છ ગુણસ્થાનક હોય, બે (તેજો-પદ્મ) લેશ્યાએ સાત ગુણસ્થાનક હોય, અનાહારક માર્ગણાએ પહેલાં બે, છેલ્લાં બે અને અવિરતિ એ પાંચ ગુણસ્થાનક હોય, એ પ્રકારે માર્ગણાને વિષે ગુણઠાણાં કહ્યાં. ॥ ૨૩ ॥

**સચ્ચેઅર મીસઅચ્ચ-મોસ મણ વય વિઉવ્વિઆહારા ।**
**ઉરલં મીસા કમ્મસણ, ઇઅ જોગા કમ્મ અણહારે ॥૨૪॥**

સત્ય, અસત્ય, મિશ્ર અને અસત્યામૃષા (એચાર ચાર પ્રકારે) મનોયોગ અને વચનયોગ, વૈક્રિય કાયયોગ, ઔદારિક કાયયોગ, મિશ્રકાયયોગો (વૈક્રિયમિશ્ર, આહારક મિશ્ર ઔદારિકમિશ્ર) અને કાર્મણ કાયયોગ એ યોગો જાણવા. આણાહારી માર્ગણાએ કાર્મણ કાયયોગ હોય. ॥ ૨૪ ॥

**નરગઇ પણિંદિ તસ તણુ, અચક્ખુનરનપુ કસાય સમ્મદુગે ।**
**સન્નિ છલેસા-હારગ, ભવ મઇ સુઅ ઓહિદુગિ સવ્વે ॥૨૫॥**

મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરૂષવેદ, કષાયમાર્ગણા અને સમ્યકત્વદ્વિક (ક્ષાયોપશમિક-ક્ષાયિક) ને વિષે તેમજ સંજ્ઞીછલેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકને વિષે સર્વે યોગ હોય. ॥ ૨૫ ॥

**તિરિઇત્થિઅજય સાસણ, અનાણઉવસમઅભવ્વમિચ્છેસુ ।**
**તેરાહારદુગૂણા, તે ઉરલદુગૂણ સુરનિરએ ॥૨૬॥**

તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિ ચારિત્ર, સાસ્વાદન સમ્યક્ત્વ, ત્રણ અજ્ઞાન. ઉપશમ, સમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વને વિષે આહારકદ્વિક રહિત તેર

યોગ હોય. દેવતા અને નારકીને વિષે તે ઔદારિકદ્વિક વિના (અગ્યાર યોગ) હોય. ॥૨૬॥

**કમ્મુરલદુગ થાવરિ, તે સવિઉવ્વિદુગ પંચ ઇગિ પવણે ।**
**છઅસન્નિચરિમ-વઇજુઅ, તે વિઉવદૂગૂણ ચઉ વિગલે ॥૨૭॥**

કાર્મણ કાયયોગ અને ઔદારિકદ્વિક (એ ત્રણ યોગ) સ્થાવરને વિષે હોય. તે (ત્રણ યોગ) વૈક્રિયદ્વિક સહિત એટલે પાંચ યોગ એકેંદ્રિય જાતિ અને વાઉકાયને વિષે હોય. છેલ્લા વચન (અસત્યામૃષા) યોગ સહિત છ યોગ અસંજ્ઞીને વિષે હોય. તે (છ યોગ) વૈક્રિયદ્વિક રહિત યોગ વિકલેંદ્રિયને વિષે હોય. ॥ ૨૭ ॥

**કમ્મુરલમીસ વિણુ મણ-વઇસમઇઅ છેઅ ચક્ખુમણનાણે ।**
**ઉરલદુગ કમ્મ પઢમં-તિમમણવઇ કેવલદુગંમિ ॥૨૮॥**

મનોયોગ, વચનયોગ, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય, ચારિત્ર, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાનને વિષે કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના (તેર યોગ) તેર યોગ હોય કેવલદ્વિકને વિષે ઔદારિક દ્વિક, કાર્મણકાય યોગ અને પહેલા-છેલ્લા મન-વચન યોગ હોય. ॥ ૨૮ ॥

**મણવઇઉરલા પરિહારિ, સુહુમિ નવ તે ઉ મીસિ સવિઉવ્વા ।**
**દેસે સવિઉવ્વિદુગા, સકમ્મુરલમીસ અહક્ખાએ ॥૨૯॥**

મનોયોગ, વચનયોગ અને ઔદારિક કાયયોગ એ

નવ યોગ પારેહારવિશુદ્ધિ ચારિત્ર અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર વિષે હોય. તે વળી વૈક્રિય કાયયોગ સહિત (દશયોગ) મિશ્ર માર્ગણાએ હોય. વૈક્રિય દ્વિક સહિત (અગ્યાર) દેશવિરતિ ચારિત્રે હોય. કાર્મણ અને ઔદારિકમિશ્ર કાયયોગ સહિત (અગ્યાર) દેશવિરતિ ચારિત્રે હોય. કાર્મણ અને ઔદારિકમિશ્ર કાયયોગ સહિત (અગ્યાર યોગ) યથાખ્યાત ચારિત્રને વિષે હોય. ॥૨૯॥

**તિઅનાણનાણપણચઉ, દંસણબારજિઅલક્ખણુવઓગા ।**
**વિણુ મણનાણ દુકેવલ, નવ સુર-તિરિ-નિરય અજએસિ ॥૩૦॥**

ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન અને ચાર દર્શન એ બાર જીવના લક્ષણરૂપ ઉપયોગો છે. મનપર્યવજ્ઞાન અને કેવળદ્વિક વિના નવ ઉપયોગ-દેવતા, તિર્યંચ, નારકી અને અવિરતિ ચારિત્રને વિષે હોય ॥ ૩૦॥

**તસ જોઅ વેઅ સુક્કાડડહાર નર પણિંદિ સન્નિ ભવિ સવ્વે ।**
**નયણેઅર પણ લેસા, કસાય દસ કેવલદુગૂણા ॥૩૧॥**

ત્રસકાય, યોગ, વેદ, શુક્લલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેદ્રિયજાતિ, સંજ્ઞી અને ભવ્ય માર્ગણાને વિષે સર્વે ઉપયોગ હોય. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, પાંચ લેશ્યા અને કષાયમાર્ગણાને વિષે કેવળદ્વિક રહિત દશ ઉપયોગ હોય. ॥ ૩૧ ॥

**ચઉરિંદિઅસન્નિ દુન્નાણ, દુદંસ ઇગબિતિથાવરિઅચક્ખુ ।**
**તિઅનાણદંસણદુગં, અનાણતિગિ અભવિ મિચ્છંદુગે ॥૩૨॥**

ચૌરિંદ્રિય અને અસંજ્ઞીને વિષે બે અજ્ઞાન (મતિશ્રુત અજ્ઞાન) અને બે દર્શન (ચક્ષુ-અચક્ષુ દર્શન) હોય, એકેંદ્રિય, બેઈન્દ્રિય, તેઈંદ્રિય અને સ્થાવરકાયને વિષે ચક્ષુદર્શન વિના (ત્રણ ઉપયોગ) હોય. ત્રણ અજ્ઞાન અભવ્ય અને મિથ્યાત્વદ્વિકને વિષે ત્રણ અજ્ઞાન, અને બે દર્શન હોય ॥ ૩૨ ॥

**કેવલદુગે નિઅદુગં, નવ તિઅનાણ વિણુ અઇઅઅહક્ખાએ ।**
**દંસણનાણતિગં દેસિ, મીસિ અન્નાણમીસં તં ॥૩૩॥**

કેવળદ્વિકે પોતાનું દ્વિક (કેવળજ્ઞાન-દર્શન) હોય, ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રે ત્રણ અજ્ઞાન વિના નવ ઉપયોગ હોય. દેશવિરતિએ ત્રણ દર્શન અને ત્રણ જ્ઞાન હોય, મિશ્ર માર્ગણાઓને વિષે તે (છ ઉપયોગ) અજ્ઞાને મિશ્રિત હોય ॥ ૩૩ ॥

**મણનાણ-ચક્ખુવજ્જા, અણહારે તિન્નિ દંસ ચઉનાણા ।**
**ચઉનાણસંજમોવસમ-વેઅગે ઓહિદંસે અ ॥૩૪॥**

મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વર્જીને (દશ ઉપયોગ) આણાહારીને હોય, ચારજ્ઞાન, ચારસંયમ, ઉપશમ સમ્યક્ત્વ, વેદક સમ્યક્ત્વ અને અવધિદર્શનને વિષે ત્રણ દર્શન અને ચાર જ્ઞાન હોય ॥ ૩૪ ॥

**દો તેર તેર બારસ, મણે કમા અઠ દુચઉ ચઉ વયણે ।**
**ચઉ દુ પણ તિન્નિ કાયે, જિઅગુણજોગોવઓગા ॥૩૫॥**

મનોયોગ બે, તેર, તેર અને બાર, વચનયોગે આઠ,

બે, ચાર, ચાર અને કાયયોગે ચાર, બે, પાંચ અને ત્રણ; એમ અનુક્રમે જીવસ્થાન, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ હોય; એમ આચાર્ય કહે છે. ॥ ૩૫ ॥

**છસુ લેસાસુ સઠાણં, એગિદિ-અસન્નિ-ભૂ-દગ-વણેસુ ।**
**પઢમા ચઉરો તિન્નિ ઉ, નારય-વિગલગ્ગિ-પવણેસુ ॥૩૬॥**

છ લેશ્યા માર્ગણાને વિષે પોતપોતાની લેશ્યા હોય. એકેંદ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને વિષે પહેલી ચાર લેશ્યા હોય. નારકી, વિકલેંદ્રિય, તેઉકાય અને વાઉકાયને વિષે ત્રણ લેશ્યા હોય. ॥ ૩૬ ॥

**અહક્ખાય-સુહુમ-કેવલ-દુગિ સુક્કા છાવિ સેસઠાણેસુ ।**
**નર નિરય દેવ-તિરિઆ, થોવા દુઅસંખ ણંતગુણા ॥૩૭॥**

યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને કેવળદ્વિકને વિષે શુક્લ લેશ્યા હોય, બાકીની માર્ગણા (૪૧) ને વિષે છએ લેશ્યા હોય. મનુષ્ય થોડા હોય, નારકી અને દેવતા અસંખ્યાતગુણા હોય અને તિર્યંચ તેથી અનંતગુણા હોય. ॥૩૭॥

**પણ ચઉ તિ દુ એગંદી, થોવા તિન્નિ અહિયા અણતગુણા ।**
**તસ થોવ અસંખગ્ગી, ભૂજલનિલ-અહિયવણ-ણંતા ॥૩૮॥**

પંચેંદ્રિય થોડા હોય; ચૌરિંદ્રિય, તેઈંદ્રિય અને બેંઈન્દ્રિય એ ત્રણે અનુક્રમે એક-એકથી અધિક હોય; એકેંદ્રિય તેથી અનંતગુણા હોય, ત્રસ થોડા હોય; અગ્નિકાય અસંખ્યાતગુણા હોય; પૃથ્વીકાય, અપ્કાય અને વાઉકાયએકેકથી

અધિક હોય અને વનસ્પતિકાય તેથી અનંતા હોય. ॥ ૩૮ ॥

**મણ-વયણ-કાયજોગી, થોવા અસંખગુણ અણંતગુણા ।**
**પુરિસા થોવા ઈત્થી, સંખગુણાડણંતગુણ કીવા ॥૩૯॥**

મનોયોગી થોડા હોય, વચનયોગી અસંખ્યાતગુણા હોય અને કાયયોગી અનંતગુણા હોય. પુરૂષો થોડા હોય, સ્ત્રીઓ તેથી સંખ્યાતગુણ હોય અને તેથી અનંતગુણ નપુંસકો હોય. ॥૩૮॥

**માણી કોહી માયી, લોભી અહિય મણનાણિણો થોવા ।**
**ઓહિ અસંખા મઇસુઅ, અહિઅ સમ અસંખ વિબ્ભંગ ॥૪૦॥**

માની, ક્રોધી, માયી, અને લોભી એક-એકથી અધિક હોય છે, મનઃપર્યવજ્ઞાની અને શ્રુતજ્ઞાની તેથી અધિક હોય અને માંહોમાંહે સરખા હોય; વિભંગજ્ઞાની તેથી અસંખ્યાતગુણા હોય. ॥૪૦॥

**કેવલિણોડણંતગુણા, મઇસુઅઅન્નાણિ-ણંત ગુણ તુલ્લા ।**
**સુહુમા થોવા પરિહાર, સંખ અહક્ખાય સંખગુણા ॥૪૧॥**

કેવળજ્ઞાની અનંતગુણ હોય; મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની તેથી અનંતગુણ છે અને માંહોમાંહે બંને સરખા છે. સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા થોડા હોય; પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય; યથાખ્યાત ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય. ॥૪૧॥

**છેય સમઇય સંખા, દેસ અસંખગુણ ણંગગુણ અજયા ।**
**થોવ અસંખ દુણંતા, ઓહિ નયન કેવલ અચક્ખુ ॥૪૨॥**

છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાતગુણા હોય અને સામાયિક ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય. દેશવિરતિ અસંખ્યાગુણ હોય અને અવિરતિ અનંતગુણ હોય અવધિદર્શની થોડા હોય ચક્ષુદર્શની અસંખ્યાતગુણ હોય અને કેવળદર્શની તથા અચક્ષુદર્શની એ બે અનંતગુણ હોય. ।।૪૨।।

**પચ્છાણુપુવ્વિ લેસા, થોવા દોડસંખ-ણંત દો અહિઆ ।**
**અભવિઅર થોવણંતા, સાસણ થોવોવસમ સંખા ।।૪૩।।**

લેશ્યાવાળા પશ્ચાનુપૂર્વીએ ગણવા એટલે શુક્લ લેશ્યાવાળા સૌથી થોડા હોય, પદ્મ અને તેજો એ બે લેશ્યાવાળા અસંખ્યાતગુણ હોય, કાપોતલેશ્યાવાળા અનંતગુણા હોય અને નીલ તથા કૃષ્ણલેશ્યાવાળા અધિક હોય. અભવ્ય થોડા અને ભવ્ય અનંતગુણા હોય; સાસ્વાદન સમ્યક્ત્વી થોડા હોય ઉપશમ સમ્યક્ત્વી સંખ્યાત ગુણા હોય. ।। ૪૩ ।।

**મીસા સંખા વેઅગ, અસંખગુણ ખઇઅ મિચ્છ દુ અણંતા ।**
**સન્નિઅર થોવણંતાડણહાર થોવેઅર અસંખા ।।૪૪।**

મિશ્રદ્રષ્ટિ સંખ્યાતગુણ હોય, ક્ષાયોપશમ સમ્યક્ત્વવાળા અસંખ્યાતગુણ હોય અને ક્ષાયિક સમ્યક્ત્વવાળા તથા મિથ્યાત્વી એ બે અનંતગુણા હોય. સંજ્ઞી થોડા હોય અને અસંજ્ઞી અનંતા હોય. અણાહારી થોડા હોય અને આહારી અસંખ્યાતગુણ હોય. ।। ૪૪ ।।

**સવ્વિજિઅઠાણ મિચ્છે, સગ સાસણિ પણ અપજ્જ સન્નિદુગં ।**
**સમ્મે સન્ની દુવિહા, સેસેસું સન્નિપજ્જત્તો ॥૪૫॥**

મિથ્યાત્વ ગુણઠાણે સર્વ જીવસ્થાન હોય, પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞીદ્વિક મળી સાત જીવસ્થાન સાસ્વાદન ગુણઠાણે હોય. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે બે પ્રકારના સંજ્ઞી હોય. બાકીના ગુણસ્થાનકને વિષે સંજ્ઞી પર્યાપ્તા હોય. ॥૪૫॥

**મિચ્છદુગિ અજઇ જોગા-હાર દુગૂણા અપુવ્વપણગે ઉ ।**
**મણવઇ ઉરલં સવિઉવ્વિ, મીસિ સવિઉવ્વિદુગ દેસે ॥૪૬॥**

મિથ્યાત્વદ્વિક (મિથ્યાત્વ અને સાસ્વાદન) ને વિષે અને અવિરતિસમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે આહારકદ્વિક વિના (તેર) યોગ હોય. અપૂર્વકરણાદિ પાંચ ગુણઠાણે તો મનના (૪), વચનના (૪) અને ઔદારિકકાય યોગ (એનવ) હોય. વૈક્રિયકાયયોગ સહિત (દશ યોગ) મિશ્ર ગુણઠાણે હોય. દેશવિરતિ ગુણઠાણે વૈક્રિયદ્વિક સહિત (અગ્યાર યોગ) હોય. ॥ ૪૬ ॥

**સાહારદુગ પમત્તે, તે વિઉવાહારમીસ વિણુ ઇઅરે ।**
**કમ્મુલદુગંતાઇમ-મણવયણસજોગિ ન અજોગી ॥૪૭॥**

પૂર્વોક્ત અગ્યાર યોગ આહારકદ્વિક સહિત (તેર યોગ) પ્રમત્ત ગુણઠાણે હોય. તે તેર યોગ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના (એટલે અગ્યાર યોગ) અપ્રમત્ત ગુણઠાણે હોય. કાર્મણ કાયયોગ, ઔદારિકદ્વિક, છેલ્લા અને પહેલા મનના

તથા વચનના (બે-બે) યોગ (એ સાત) સયોગી કેવળીને હોય અને અયોગી કેવળીને યોગ ન હોય. ॥ ૪૭ ॥

**તિઅનાણ દુદંસાઇમ,-દુગે અજઇ દેસિ નાણદંસતિગં ।**
**તે મીસિ મીસા સમણા, જયાઇ કેવલદુ અંતદુગે ॥૪૮॥**

પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન અને બે દર્શન (ચક્ષુ અચક્ષુ) હોય, અવિરતિ અને દેશવિરતિ ગુણઠાણે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય. તે છ ઉપયોગ મિશ્ર ગુણઠાણે અજ્ઞાને કરી મિશ્ર હોય. મનઃપર્યવજ્ઞાન સહિત (સાત ઉપયોગ) પ્રમત્તાદિ (સાત) ગુણઠાણે હોય, અને છેલ્લા બે ગુણઠાણે કેવળદ્વિક હોય. ॥૪૮॥

**સાસણભાવે નાણં, વિઉવ્વગાહારગે ઉરલમિસ્સં ।**
**નેગિંદિસુ સાસાણો, નેહાહિગયં સુયમયં પિ ॥૪૯॥**

સાસ્વાદનપણુંછતે જ્ઞાન, વૈક્રિય અને આહારક શરીરે ઔદારિકમિશ્ર કાયયોગ અને એકેંદ્રિયને વિષે સાસ્વાદન પણું નથી; એ પ્રકારે સૂત્રને વિષે માનેલું છે, છતાં અહીં (કર્મગ્રંથમાં) ગ્રહણ કર્યું નથી. ॥ ૪૯ ॥

**છસુ સવ્વા તેઉતિગં, ઇગિ છસુ સુક્કા અજોગિ અલ્લેસા ।**
**બંધસ્સ મિચ્છ અવિરઇ, કસાય જોગત્તિ ચઉ હેઉ ॥૫૦॥**

(પહેલા) છ ગુણઠાણાને વિષે સર્વ લેશ્યા હોય; એક (અપ્રમત્ત) ગુણઠાણને વિષે તેજો આદિ ત્રણ લેશ્યા હોય; છે (અપૂર્વકરણાદિ) ગુણઠાણાને વિષે શુક્લ લેશ્યા હોય અને અયોગી કેવળી લેશ્યારહિત છે. મિથ્યાત્વ, અવિરતી, કષાય અને

યોગ એમ ચાર હેતુ બંધના હોય છે. ।। ૫૦ ।।

**અભિગહિઅ-મણભિગહિઆભિનિવેસિયસંસઇય-મણાભોગં ।**
**પણમિચ્છ બાર અવિરઇ, મણકરણાનિઅમુછજિઅવહો ।।૫૧।।**

અભિગ્રહિક, અનભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એ પાંચ મિથ્યાત્વ, મન અને ઈંદ્રિયોનું છુટાપણું અને છકાય જીવનો વધ એ બાર અવિરતી. ।। ૫૧ ।।

**નવ સોલ કસાય પનર, જોગ ઇઅ ઉત્તરા ઉ સગવન્ના ।**
**ઈગ ચઉ પણ તિ ગુણેસુ, ચઉ-તિ-દુ-ઇગપચ્ચઓ બંધો ।।૫૨।।**

નવ (નોકષાય) અને સોળ (કષાય) કસાયો, પંદર યોગ, એપ્રકારે ઉત્તર ભેદ વળી સત્તાવંન થાય છે. એક, ચાર, પાંચ અને ત્રણ ગુણઠાણાને વિષે અનુક્રમ ચાર, ત્રણ અને એક હેતુ પ્રત્યયિક બંધ હોય. ।। ૫૨ ।।

**ચઉ મિચ્છ મિચ્છ અવિરઇ-પચ્ચઇઆ સાય સોલ પણતીસા ।**
**જોગવિણુ તિપચ્ચઇઆ, હારગજિણવજ્જ સેસા ।।૫૩।।**

ચાર હેતુપ્રત્યયિકી સાતા વેદનીય, મિથ્યાત્વપ્રત્યયિકી સોળ પ્રકૃતિ અને મિથ્યાત્વ તથા અવિરતિ પ્રત્યયિકી પાંત્રીશ પ્રકૃતિ હોય. જોગ વિના ત્રણ બંધહેતુ પ્રત્યયિકી આહારકદ્વિક અને જિનનામ વર્જીને બાકીની પ્રકૃતિ જાણવી ।। ૫૩ ।।

**પણ પન્ના તિઅછહિઅ, ચત્ત ગુણચત્ત છચ ઉદુગવીસા ।**
**સોલસ દસ નવ નવ સત્ત, હેઉણો ન ઉ અજોગિંમિ ।।૫૪।।**

અનુક્રમે પંચાવન, પચાસ, તેંતાલીશ, છેંતાલીશ, ઓગણચાળીસ, છવીશ, ચોવીસ, બાવીશ, સોળ, દશ, નવ, નવ અને સાત ઉત્તર બંધહેતુઓ તેર ગુણઠાણને વિષે જાણવા. અયોગી ગુણઠાણે વળી બંધહેતુ નથી. ॥ ૫૪ ॥

**પણ પન્ન મિચ્છિ હારગ-દુગૂણ સાસાણિ પન્ન મિચ્છવિણા ।**
**મીસદુગ-કમ્મ-અણવિણુ, તિચત્ત મીસે અહ અચત્તા ॥૫૫॥**

આહારદ્વિક વિના ૫૫ બંધહેતુ મિથ્યાત્વ ગુણઠાણે હોય. સાસ્વાદને પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ હોય. મિશ્રદ્વિક )ઔદારિકમિશ્ર - વૈક્રિયમિશ્ર), કાર્મણ કાયયોગ, અનંતાબંધી કષાય (એ સાત) વિના ૪૩ બંધહેતુ મિશ્ર ગુણઠાણે હોય. પછી ૪૬ બંધ હેતુ હોય. ॥ ૫૫ ॥

**સદુમીસકમ્મ અજએ, અવિરઇ કમ્મુરલમીસ બિકસાએ ।**
**મુત્તુ ગુણચત્ત દેસે, છવીસ સાહારદુ પમત્તે ॥૫૬॥**

બે મિશ્રયોગ અને કાર્મણ કાયયોગ સહિત (૪૬ બંધ હેતુ) અવિરતિ ગુણઠાણે હોય. ત્રસકાયની અવિરતિ, કાર્મણ કાયયોગ, ઔદારિકમિશ્ર અને બીજા (અપ્રત્યાખ્યાનીય) ચાર કષાય મૂકીને ૩૯ બંધહેતુ દેશવિરતિ ગુણઠાણે હોય. પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધહેતુ હોય ; તે આહારક સહિત અને, ॥ ૫૬ ॥

**અવિરઇ ઇગાર-તિકસાય, વજ્જ અપમત્તિ મીસદુગરહિઆ ।**
**અઉવીસ અપુવ્વે પુણસ, દુવીસ અવિઉવ્વિ આહારે ॥૫૭॥**

અગ્યાર અવિરતિ તથા ત્રીજા (પ્રત્યાખ્યાનીય) ચાર કષાય રહિત (૨૬ હેતુ પ્રમત્તે) હોય અને અપ્રમત્ત ગુણઠાણે વળી વૈક્રીય અને આહારક વિના ૨૨ બંધહેતુ હોય. ॥ ૫૭॥

**અછહાસ સોલ બાયરિ, સુહુમે દસ વેઅસંજલણતિ વિણા ।**
**ખીણુવસંતિ અલોભા, સજોગિ પુવ્વુત્ત સગ જોગા ॥૫૮॥**

હાસ્ય ષટ્ક વિના સોળ બંધહેતુ બાદરસંપરાયે હોય. સૂક્ષ્મસંપરાયે ત્રણ વેદ અને સંજ્વલનત્રિક (ક્રોધ, માન, માયા) વિના દશ બંધહેતુ હોય. ક્ષીણમોહ તથા ઉપશાંત મોહ ગુણઠાણે લોભ વિના નવ બંધહેતુ હોય. સયોગીકેવળી ગુણઠાણે પૂર્વોક્ત સાત યોગ હોય. ॥ ૫૮ ॥

**અપમત્તંતા સત્તટ્ઠ, મીસ-અપુવ્વ-બાયરા સત્ત ।**
**બંધઇ છસ્સુહુમો એગ-મુવરિમા બંધગા-જોગી ॥૫૯॥**

અપ્રમત્ત ગુણઠાણા પર્યંત સાત કે આઠ કર્મ બાંધે; મિશ્ર, અપૂર્વકરણને બાદરસંપરાય ગુણઠાણાવાળા સાત કર્મ બાંધે; સૂક્ષ્મસંપરાયવાલા છ બાંધે; ઉપરના (૧૧-૧૨-૧૩) ગુણઠાણાવાળા એક કર્મ બાંધે અને અયોગી ગુણઠાણાવાળા અબંધક છે. ॥ ૫૯ ॥

**આસુહુમં સંતુદએ, અટ્ઠવિ મોહવિણું સત્ત ખીણંમિ ।**
**ચઉ ચરિમદુગે અટ્ઠ ઉ, સંતે ઉવસંતિ સત્તુદએ ॥૬૦॥**

સૂક્ષ્મસંપરાય ગુણઠાણા સુધી સત્તા અને ઉદયને વિષે આઠે કર્મપ્રકૃતિઓ હોય; મોહનીય કર્મ વિના સાત

કર્મપ્રકૃતિ ક્ષીણમોહ ગુણસ્થાને (સત્તા અને ઉદયમાં) હોય અને ઉપશાંતમોહ ગુણઠાણે વળી કર્મપ્રકૃતિ સત્તામાં અને સાત પ્રકૃતિ ઉદયમાં હોય ॥ ૬૦ ॥

**ઉઇરંતિ પમત્તંતા, સગટ્ઠ, મીસટ્ઠ વેઅઆઉ વિણા ।**
**છગ અપમત્તાઇ તઓ, છપંચ સુહુમો પણુવસંતો ॥૬૧॥**

પ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવો સાત અથવા આઠ કર્મની ઉદીરણા કરે છે. મિશ્રદૃષ્ટિ ગુણઠાણવાળા આઠ કર્મની ઉદીરણા કરે, વેદનીય અને આયુ વિના છ કર્મની ઉદીરણા અપ્રમત્તાદિ ત્રણ ગુણઠાણાવાળા કરે, તે પછી સૂક્ષ્મસંપરાયવાળા છ અથવા પાંચ કર્મની ઉદીરણા કરે અને ઉપશાંતમોહવાળા પાંચ કર્મની ઉદીરણા કરે છે. ॥૬૧॥

**પણ દો ખીણ દુ જોગી, -ણુદીરગુ અજોગિ થોવ ઉવસંતા ।**
**સંખગુણ ખીણ સુહુમા, નિઅટ્ટિઅપુવ્વ સમ અહિઆ ॥૬૨॥**

ક્ષીણમોહવાળા પાંચ અથવા બે કર્મને ઉદીરે, સયોગી કેવળી બે કર્મને ઉદીરે અયોગી કેવળી અનુદીરક હોય. ઉપશાંતમોહ ગુણસ્થાને વર્તવાળા જીવો સર્વથી થોડા હોય; ક્ષીણમોહવાળા સંખ્યાતગુણા હોય, સૂક્ષ્મસંપરાય, અનિવૃતિ બાદર સંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા (માંહોમાંહે) સરખા હોય અને (ક્ષીણમોહથી) વિશેષાધિક હોય. ॥ ૬૨ ॥

**જોગિ અપમત્ત ઇઅરે, સંખગુણા દેસ-સાસણા-મીસા ।**
**અવિરઇ અજોગિમિચ્છા, અસંખચઉરો દુવેણંતા ॥૬૩॥**

સયોગી, અપ્રમત્ત અને પ્રમત્ત ગુણઠાણાવાળા સંખ્યાતગુણા હોય; દેશવિરતિ, સાસ્વાદન, મિશ્ર અને અવિરતિ એ ચાર ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા હોય; અયોગી કેવળી અને મિથ્યાદ્રષ્ટિ બે અનંત (ગુણા) હોય. ॥ ૬૩ ॥

**ઉવસમ-ખય-મીસોદય, પરિણામા દુ નવ ઠ્ઠાર ઇગવીસા ।**
**તિઅભેઅ સન્નિવાઇઅ, સમ્મં ચરણં પઢમભાવે ॥૬૪॥**

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવના (અનુક્રમે) બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો છે, છટ્ઠો સાંનિપાતિક ભાવ છે. સમ્યક્ત્વ અને ચારિત્ર એ પ્રથમભાવને વિષે જાણવા. ॥ ૬૪ ॥

**બીએ કેવલજુઅલં, સમ્મં દાણાઇલદ્ધિ પણ ચરણં ।**
**તઇએ સેસુવઓગા, પણ લદ્ધી સમ્મવિરઇદુગં ॥૬૫॥**

બીજા (ક્ષાયિક) ભાવમાં કેવળદ્વિક, સમ્યક્ત્વદાનાદિ પાંચ લબ્ધિ અને ચારિત્ર (એ નવ ભેદ) જાણવા, ત્રીજા (ક્ષાયોપશમિક) ભાવને વિષે બાકીના (દશ) ઉપયોગ, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ, વિરતિદ્વિક; ॥૬૫॥

**અન્નાણમસિધ્ધત્તા, સંજમ-લેસા-કસાય-ગઇ-વેયા ।**
**મિચ્છં તુરિએ ભવ્વા, -ભવ્વત્ત-જિઅત્ત પરિણામે ॥૬૬॥**

અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છ લેશ્યા, ચાર કષાય, ચારગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ (એ ૨૧

ભેદો) ચોથા (ઔદયિક) ભાવને વિષે જાણવા. ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ (એ ત્રણ ભેદ) પારિણામિકભાવને વિષે હોય છે. ॥ ૬૬ ॥

**ચઉચઉગઇસુ મીસગ, -પરિણામુદએહિં ચઉ સખઇએહિં ।**
**અવસમજુએહિં વા ચઉ, કેવલિ પરિણા-મુદય ખઇએ ॥૬૭॥**

ક્ષાયોપશમિક, પરિણામિક અને ઔદયિકભાવ વડે (ત્રિસંયોગી સાંનિપાતિક ભાવના) ચાર ગતિ આશ્રયી ચાર ભેદ હોય. ક્ષાયિક ભાવે સહિત (ચતુઃસંયોગી સાનિપાતિક ભાવના) ચાર ભેદ જાણવા. અથવા ઔપશમિક ભાવે સહિત (ત્રિઃસંયોગી સાંનિપાતિક ભાવના) ચાર ભેદ હોય. પારિણામિક, ઔદયિક અને ક્ષાયિક ભાવવડે થયેલા ત્રિસંયોગી સાંનિપાતિક ભાવને વિષે કેવળી હોય. ॥ ૬૭ ॥

**ખય-પરિણામિ સિદ્ધા, નરાણ પણ જોગુવસમસેઢીએ ।**
**ઇઅ પન્નર સન્નિવાઇઅ, ભેઆ વીસં અસંભવિણો ॥૬૮॥**

ક્ષાયિક અને પારિણામિકભાવરૂપે દ્વિકસંયોગી સાંનિપાતિક ભાવે સિદ્ધો વર્તે છે. મનુષ્યોને પંચસંયોગી સાંનપાતિક ભાવ ઉપશમશ્રેણિને વિષે હોય છે. એ પ્રકારે પંદર સાંનિપાતિક ભેદો સંભવી જાણવા અને બાકીના ૨૦ ભેદો

અસંભવી જાણવા. ॥ ૬૮ ॥

**મોહેવ સમો મીસો, ચઉઘાઇસુ અટ્ઠકમ્મસુ અ સેસા ।**

**ધમ્માઇ પારિણામિઅ, ભાવે ખંધા ઉદઇએ વિ ॥૬૯॥**

મોહનીય કર્મનોજ ઉપશમ થાય, ચાર ઘાતિ કર્મને વિષે ક્ષયોપશમ થાય અને આઠ કર્મને વિષે બાકીના (ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક) ભાવો હોય. ધર્માસ્તિકાયાદિ (પાંચ અજીવ દ્રવ્યો) પારિણામિક ભાવે હોય. સ્કંધો (અનંત પરિણામફળવાળા) ઔદયિક ભાવે પણ હોય. ॥ ૬૯ ॥

**સમ્માઇચઉસુ તિગ ચઉ, ભાવા ચઉ પણુવસામ-ગુવસંતે ।**

**ચઉ ખીણાપિવ્વે તિન્નિ, સેસ ગુણઠાણગેગજિએ ॥૭૦॥**

અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ આદિ ચાર ગુણઠાણાને વિષે ત્રણ અથવા ચાર ભાવો હોય. ચાર અથવા પાંચ ભાવ ઉપશમ (નવમું, દશમું) અને ઉપશાંતમોહ ગુણઠાણાને વિષે હોય. ક્ષીણમોહ અને અપૂર્વકરણ ગુણઠાણાને વિષે ચાર ભાવ હોય અને બાકીના ગુણઠાણાને વિષે ત્રણ ભાવ હોય. આ પ્રકારે કહેલા ભાવો અક જીવને જાણવા. ॥ ૭૦ ॥

**સંખિજ્જેગમસંખં, પરિત્ત-જુત્ત-નિયપયજુયં તિવિહં ।**

**એવમણંતંપિ તિહા, જહન્ન-મજ્ઝુક્કસા સવ્વે ॥૭૧॥**

સંખ્યાતુ એક હોય; અસંખ્યાતુ પરીત્ત, યુક્ત અને નિજપદયુક્ત એમ ત્રણ પ્રકારે હોય; એરીતે અનંતુ પણ ત્રણ પ્રકારે જાણવું. એ સર્વે (સાતેભેદો) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળા છે. ॥ ૭૧ ॥

**લહુસંખિજ્જં દુચ્ચિઅ, અઓ પરં મજ્ઝિમં તુ જા ગુરુઅં ।**
**જંબુદ્દિવ-પણાણય, ચઉપ્પલ્લ-પરૂવણાઇ ઇમં ॥૭૨॥**

જઘન્ય સંખ્યાતુ બેજ હોય. એ (બે) ઉપરાતયાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતા સુધી મધ્યમ સંખ્યાતુ જાણવું. જંબુદ્વીપ પ્રમાણના ચારપાલીની પ્રરૂપણાએ કરીને આ ઉત્કૃષ્ટ સંખ્યાતુ વક્ષ્યમાણ સ્વરૂપે જાણવું ॥ ૭૨ ॥

**પલ્લાણવટ્ઠિઅ-સલાગ, -પડિસલાગ-મહાસલાગક્ખા ।**
**જોઅણસહસોગાઢા, સવેઇઅંતા સસિહ ભરિઆ ॥૭૩॥**

અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના પાલા કલ્પીએ, એક હજાર યોજન ઉંડા અને વેદિકાના અંતસહિત (એવા તે પાલા) શિખા સુધી (સરસવે કરી) ભરેલા કરવા-ભરવા. ॥૭૩॥

**તો દીવદહિસુ ઇક્કિક્ક, સરિસવં ખિવિઅ નિટ્ઠિએ પઢમે ।**
**પઢમં વ દંતં ચિય, પુણ ભરિએ તંમિ તહ ખીણે ॥૭૪॥**

તે પછી (તે પાલો ઉપાડીને) દ્વીપ-સમુદ્રને વિષે એક એક સરસવ નાખીને પહેલા પાલો ખાલી થયે છતે, તે (અવસ્થિત પાલો ખાલી થયો હોય તે દ્વીપ) ના અંત જેવડો પાલો નિશ્વે પહેલા પાલાની પેઠે વળી (સરસવે) ભરીએ;તેપણ તેવીજ રીતે (બાકીના દ્વીપ-સમુદ્રે એક એક નાખતાં) ખાલી થયે છતે. ॥ ૭૪ ॥

**ખિપ્પઇ સલાગપલ્લેગુ, સરિસવો ઇઅ સલાગઃખવણેણં ।**
**પુણ્ણો બીઓ અ તહા, પુવ્વંપિ વ તંમિ ઉદ્ધરિએ ॥૭૫॥**

શળાકાપાલાને વિષે એક સરસવ નાખીએ; એ પ્રકારે શલાકા (માં સાક્ષી સરસવ) નાખવા વડે બીજો પાલો પૂર્ણ થાય. તે પછી પૂર્વની પેઠે તેને લઈને. ॥ ૭૫ ॥

**ખિણે સલાગ તઇએ, એવં પઢમેહિં બીઅયં ભરસુ ।**
**તેહિં તઇઅં તેહિય, તુરિઅં જા કિર ફુડા ચઉરો ॥૭૬॥**

તે ખાલી થયે છતે ત્રીજા પાલામાં શલાકા (સરસવ) નાંખીએ, એ રીતે પહેલા વડે બીજો પાલો ભરવો, તે (બીજા) વડે ત્રીજો અને તે (ત્રીજા) વડે ચોથો પાલો ભરવો. યાવત્ નિશ્વે શિખા સહિત ભરેલા ચારે પાલા હોય. ॥ ૭૬ ॥

**પઢમતિપલ્લુદ્ધરિઆ, દીવુદહી પલ્લચઉ-સરિસવા ય ।**

**સવ્વો વિ એગરાસી, રૂવણો પરમ-સંખિજ્જં ॥૭૭॥**

પહેલા ત્રણ પાલાવડે ઉદ્દરેલા દ્વીપસમુદ્ર (ના સરસવ) અને ચાર પાલાના સરસવ એ સર્વનો એક રાશી ચારપાલા સરસવ (સરસવનો સમૂહ) એક કરીએ, તે રૂપે એક ઊણો ઉત્કૃષ્ટ સંખ્યાતુ કહીએ. ॥ ૭૭ ॥

**રૂવજુઅં તુ પરિત્તા-સંખં લહુ અસ્સખ રાસિઅબ્ભાસે ।**
**જુત્તાસંખિજ્જં લહુ, આવલિઆ-સમય-પરિમાણં ॥૭૮॥**

ઉત્કૃષ્ટ સંખ્યાતુ એકરૂપ યુક્ત તે વળી પરિત્ત અસંખ્યાતુ લઘુ જાણવું. એનો રાશીઅભ્યાસ કરતાં યુક્ત અસંખ્યાતુ જઘન્ય થાય, તે આવલિકાના સમયનું પરિમાણ જાણવું ॥ ૭૮ ॥

**બિતિચઉ ંચમ-ગુણણે, કમા સગાસંખ પઢમચઉસત્તા ।**
**ડણંતા તે રૂવજુઆ મજ્ઝા રૂવૂણ ગુરુપચ્છા ॥૭૯॥**

(મૂળભેદની અપેક્ષાએ) બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાને રાશીઅભ્યાસ કરતાં, અનુક્રમે સાતમું અસંખ્યાતુ, પહેલું, ચોથું અને સાતમું અનંતુ થાય. તેને એકરૂપ સહિત કરતાં મધ્યમ, અને એકરૂપ સહીત કરતાં મધ્યમ, અને એકરૂપ ઉણું કરતાં પાછળનું ઉત્કૃષ્ટ થાય. ॥ ૭૯ ॥

**ઇઅ સત્તુતં અન્ને, વગ્ગિઅમિક્કસિ ચઉત્થય-મસંખં ।**

**હોઇ અસંખાસંખં, લહુ રૂવજુઅં તુ તં મજ્ઝં ॥૮૦॥**

એ પ્રકારે સૂત્રોક્ત જાણવું. અન્ય આચાર્ય કહે છે કે ચોથા અસંખ્યાતાને એકવાર વર્ગ કરતાં જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ થાય. તે એકરૂપ યુક્ત કરતાં વળી મધ્યમ અસંખ્યાત અસંખ્યાતુ થાય. ॥૮૦॥

**રૂવૂણં માઇમં ગુરુ, તિવિગ્ગિઉં તત્થિમે દસક્ખેવે ।**
**લોગાગાસપએસા, ધમ્માડધમ્મેગજિઅદેસા ॥૮૧॥**

તે (જઘન્ય અસંખ્યાતાસંખ્યાતુ) એકરૂપ હીન કરતાં પહેલાનું ઉત્કૃષ્ટ (યુક્ત અસંખ્યાતુ) થાય. તેને ત્રણ વખત વર્ગ કરીને તેમાં આ દશ વસ્તુ નાખીએ. લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય, અને એક જીવના પ્રદેશ, ॥ ૮૧ ॥

**ઠિઈબંધજ્ઝવસાયા, અણુભાગા જોગછેઅપલિભાગા ।**
**દુણ્હ ય સમાણ સમયા, પત્તેઅ નિગોઅએ ખિવસુ ॥૮૨॥**

સ્થિતિબંધના અધ્યવસાયાસ્થાનો, અનુભાગ (રસ) બંધના અધ્યવસાયસ્થાનો, યોગના નિર્વિભાજય ભાગો, ઉત્સર્પિણીના સમયો, પ્રત્યેક શરીરવાળા જીવો અને નિગોદો (એ દશ) નાખીએ. ॥ ૮૨ ॥

**પુણ તંમિ તિવિગ્ગિઅએ, પરિત્તણંત લહુ તસ્સ રાસીણં ।**
**અબ્ભાસે લહુજુત્તાડણંતં અભવ્વજિઅ-માણં ॥૮૩॥**

ફરી વળી તે (રાશી)ને ત્રણ વખત વર્ગ કરતાં જઘન્ય પરિત્ત અનંતુ થાય. તેની રાશીનો અભ્યાસ કરતાં જઘન્ય અનંતુ થાય, તે અંભવ્ય જીવનું પરિમાણ જાણવું ॥ ૮૩ ॥

**તવ્વગ્ગે પુણ જાયઇ, ણંતાણંત લહુ તં ચ તિક્ખુત્તો ।**
**વગ્ગસુ તહવિ ન તં હોઇડણંતખેવે ખિવસુ છ ઇમે ॥૮૪॥**

તે (જઘન્ય યુકતાનંત) નો વળી વર્ગ કરતાં જઘન્યઅનંતાનંતુ થાય. તેને વળી ત્રણ વખત વર્ગ કરીએ તો પણ તે (ઉત્કૃષ્ટ અનંતાનંતુ) ન થાય. તેમાં કહીશું તે અનંતા ક્ષેપવવાનાં ભેળવો. ॥ ૮૪ ॥

**સિદ્ધા નિગોઅજીવા, વણસ્સઇ કાલ પુગ્ગલા ચેવ ।**
**સવ્વમલોગનહં પુણ, તિવિગ્ગિઉં કેવલદુગંમિ ॥૮૫॥**


સિદ્ધો, નિગોદ જીવો, વનસ્પતિ જીવો, કાળ (અતીત, અનાગત અને વર્તમાન) ના સમયો, પુદ્ગલ પરમાણુંઓ, સર્વ અલોકાકાશના પ્રદેશો (તેમાં) કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો. ॥ ૮૫ ॥

**ખિત્તેડણંતાણંતં, હવેઇ જિટ્ઠં તુ વવહરઇ મજ્ઝં ।**

**ઇઅ સુહુમત્થવિઆરો, લિહિઓ દેવિંદસૂરીહિં ॥૮૬॥**

ક્ષેપવે છતે ઉત્કૃષ્ટ અનંતાનંત થાય, પણ મધ્યમ અનંતાનંતુ વ્યવહારમાં આવે. એ પ્રકારે સૂક્ષ્મ અર્થનો વિચાર શ્રી દેવેન્દ્રસુરિએ લખ્યો. ॥ ૮૬ ॥

# ચોથો કર્મગ્રંથ સમાપ્ત



## પેલા ડુંગરવાળા દાદા

પેલા ડુંગરવાલા દાદા, અમને રોજ બોલાવે
પેલા આદિનાથ દાદા, અમને રોજ બોલાવે
એ રોજ બોલાવે, દર્શન કરવા બોલાવે
એ રોજ બોલાવે, પૂજા કરવા બોલાવે, પેલા...
એ રોજ બોલાવે, યાત્રા કરવા બોલાવે
એ રોજ બોલાવે, ભક્તિ કરવા બોલાવે, પેલા..
એ રોજ બોલાવે દાદા, તમને બોલાવે
એ અમને બોલાવે દાદા, સહુને બોલાવે, પેલા..